Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૨૧૮
તા.૧૩-૦૯-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ ભાદરવા સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૬ સૂર્યાસ્ત : ૦૬:૨૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૨.૮ | વડોદરા | ૩૩.૪ |
| અમદાવાદ | ૩૧.૨ | સુરત | ૩૧.૨ |
| ગાંધીનગર | ૩૨.૪ | નલિયા | ૩૨.૦ |

ચાંદી : ૩૭,૫૦૦ સોનું : ૩૧,૨૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

ગણેશ ચર્તુથીથી પુનમ સુધી ભવ્ય ડિસ્કાઉન્ટ...
પરમ કલેક્શન
★ જેન્ટસ વેર ★ લેડીઝ વેર ★ ચિલ્ડ્રન વેર ★ કટલરી શો-રૂમ
ફેન્સી સાડી શો-રૂમ
તદ્દન નવી વેરાયટીઝનો ખજાનો...
ડાહ્યાલાલ ચોથાજી માળી : મો.૯૯૨૫૩ ૮૯૩૧૫
મુકેશ ડી. ગેલોત - મો.૯૨૨૮૨૬૨૧૫૧, યોગેશ ડી. ગેલોત - મો.૯૦૯૯૭૬૭૬૮૧
સ્થળ : ચંદ્રલોક રોડ, ડીસા - ૩૮૫૫૩૫ (બી.કે.)

# આખરે હાર્દિકનાં પારણાં : લડત ચાલુ રાખશે

## સરકાર સામે નહી પરંતુ વડીલોના આદર સામે ઝુક્યાનો દાવો : ખોડલધામના નરેશ પટેલ, ઉમિયાધામના પ્રહલાદ પટેલ અને સી કે પટેલના હસ્તે સાદુ પાણી, લીંબુ પાણી અને નારિયેળ પાણી પીને હાર્દિકે પારણાં કર્યા

અમદાવાદ

ખેડૂતોની દેવામાફી અને પાટીદારોને અનામતની માંગણી સાથે પાટીદાર યુવા નેતા અને પાસના કન્વીનર એવા હાર્દિક પટેલે પાટીદાર સમાજની છ સંસ્થાઓના વડીલો અને આગેવાનોની ભારે સમજાવટ અને વિનવણી બાદ આખરે હાર્દિક પટેલે તેના ઉપવાસના આજે ૧૯ મા દિવસે પારણાં કર્યા હતા. જો કે, હાર્દિક પટેલે તેની માંગણીઓને લઈ લડત ચાલુ રહેશે તેવી સ્પષ્ટ જાહેરાત પણ કરી હતી. આજે હાર્દિક પટેલની ઉપવાસ છાવણીના સ્થળે ખોડલધામના નરેશ પટેલ અને ઉમિયાધામના પ્રહલાદ પટેલ અને સીકે પટેલના હસ્તે સાદુ પાણી, લીંબુ પાણી અને નારિયેળ પાણી પીને પારણાં કર્યા હતા. પારણાં બાદ હાર્દિકે કહ્યું હતું કે, પારણાં કર્યા તેનો મતલબ એ નથી કે, સરકાર સામે ઝુકયો છું. સરકાર નહી પરંતુ વડીલોના આદર સામે ઝૂક્યો છું. પહેલા ભગતસિંહ બનવા નીકળ્યા તો દેશદ્રોહી થઈ ગયા, ગાંધીજી બનીને નીકળ્યા તો નજરકેદ થઈ ગયા. હાર્દિકના ઉપવાસના સમર્થનમાં દેશભરમાંથી નેતાઓ, લોકો આવી રહ્યા હતા. પાટીદારો જ નહીં અન્ય સમાજનું પણ તેને સમર્થન મળી રહ્યું હતું, ત્યારે આજે હાર્દિકને પારણાં કરાવવા અને સમજાવવા માટે પાટીદાર સમાજની છ સંસ્થાઓના આગેવાનો અને વડીલો ઉપવાસ છાવણીએ પહોંચ્યા હતા અને હાર્દિકનો ભારે વિનવણી કરી આખરે ખોડલધામ ટ્રસ્ટના પ્રમુખ નરેશ પટેલ અને ઉમાધામના પ્રમુખ પ્રહલાદ પટેલના હસ્તે ૩-૦૦ વાગ્યે હાર્દિકનો પારણાં કરાવાયા હતા.




## પારણા બાદ હાર્દિક પટેલ પર નીતિન પટેલના પરોક્ષ પ્રહાર

અમદાવાદ

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આજે હાર્દિક પટેલ ઉપર ફરી એકવાર પ્રહાર કર્યા હતા. હાર્દિક પટેલની પરોક્ષરીતે ઝાટકણી પણ કાઢી હતી. નીતિન પટેલે કહ્યું હતું કે, ગુજરાત સાથે જેને કોઈ પ્રકારના લેવા દેવા નથી તેમના હાથે હાર્દિકે પાણી પીધું છે પરંતુ હાર્દિકે નરેશ પટેલના આદરનો અનાદર કર્યો હતો. આને લઈને પહેલા પણ પ્રશ્નો ઉઠ્યા હતા અને આજે નીતિન પટેલે આખરે પ્રશ્ન કરી દીધો હતો. હાર્દિક પટેલે પારણા કર્યા બાદ અને આ અંગે પાસ કન્વીનર મનોજ પનારાએ જાહેરાત કર્યાના થોડા સમયમાં જ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાર્દિકના પારણાં અંગે પ્રતિક્રિયા આપી હતી. આ દરમિયાન નીતિન પટેલે જણાવ્યું હતું કે, હાર્દિકે સ્વયં પારણાં અંગે જાણકારી આપી. મોડે મોડે પણ પારણાં કરવાનો નિર્ણય સારો છે.હાર્દિકે સમાજના અગ્રણીઓની લાગણી દુભાવી છે. હાર્દિકે પારણાં કરવાનો થોડો મોડો નિર્ણય લીધો તેણે આ નિર્ણય પહેલાં કરવાની જરૂર હતી. મારે હાર્દિકને પૂછવું છે કે, જેને ગુજરાત સાથે કોઈ લેવા દેવા નથી, તેમના હાથે પાણી કેમ પીધું? હાર્દિકે નરેશ પટેલના આદરનો અનાદર કર્યો છે.

## વિચાર વૈભવ...

"દીકરીને તમે કરિયાવરમાં શું આપ્યું?"
"મર્સિડિસ ગાડી"
'હેં?'
'બ્લેકબેરી મોબાઈલ'
'ન હોય!'
'રંગીન ટી.વી.'
'શું વાત કરો છો?'
'મસ્ત કોમ્પ્યૂટર'
'પણ મને તો એમાંનું કશું જ દેખાયું નથી'
'વાત એમ છે કે મેં એને લૉટરીની ટિકિટ આપી છે. જો એને લાગી ગઈ તો આ બધું એની રકમમાંથી એ લાવી શકશે!' બાપે હસતાં હસતાં જવાબ આપ્યો.

*****

તમે સાપને, આગને અને વાઘને સમજી શકો પણ મનને? કોઈ કાળે, કોઈ સ્થળે, કોઈ પણ સંયોગમાં ન સમજી શકો! સવારના એ હંસ જેવું લાગે, બપોરના બે બતક બની જાય અને સાંજના એ કાગડાનું પ્રતિનિધિત્વ ધરાવા લાગે. મંદિરમાં એ ભક્ત લાગે. બજારમાં એ માણસ લાગે અને થિયેટરમાં એ શેતાન બની જાય. અનુકૂળતામાં એ ડાહ્યું લાગે. પ્રતિકૂળતામાં એ દોઢ ડાહ્યું લાગે એ પ્રલોભનમાં એ ગાંડું લાગે. આવા વિચિત્ર મન સાથે જીવન જીવવાનું આપણાં લમણે ઝીંકાયું છે. જો સમ્યક્ સમજનું સ્વામિત્વ નહીં હોય આપણી પાસે, શિરછત્ર નહીં હોય આપણાં શિરે તો મન ગેરસમજના એવા જંગલમાં આપણને ફેંકી દેશે કે જ્યાંથી બહાર નીકળતાં આપણને નવનેજાં પાણી ઊતરી જશે. સાવધાન!

શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ

## ઉત્તરપ્રદેશની યોગી કેબિનેટમાં ટુંક સમયમાં જ મોટા ફેરફારો

લખનૌ

મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકાર આગામી મહિનામાં પ્રધાનમંડળમાં મોટા ફેરફાર કરવાની તૈયારીમાં છે. હાલમાં યોજાયેલી પેટાચૂંટણીમાં હારનો સામનો કર્યા બાદ ભાજપે નવા સામાજિક સમીકરણને ધ્યાનમાં લઈને આ તૈયારી શરૂ કરી છે. નવી રણનિતીને અપનાવવામાં આવે તેવી શક્યતા છે. પ્રધાન મંડળમાં કેટલાક નવા ચહેરાને સામેલ કરવામાં આવી શકે છે. જ્યારે કેટલાક હાલમાં નિષ્ક્રિય રહેલા દિગ્ગજોની ખુરશી જઈ શકે છે. અથવા તો તેમને ઓછા મહત્વવાળા ખાતામાં મોકલી શકાય છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો લોકસભા ચૂંટણીની તૈયારીની સાથે સાથે પાર્ટી અને સરકારમાં ફેરફારના મુદ્દા પર ખાસ ચર્ચા કરવામાં આવનાર છે. સંગઠન પ્રધાન સુનિલ બંસલ આ બેઠકમાં યુપી સાથે સંબંધિત રીપોર્ટ કાર્ડ રજૂ કરનાર છે. જેના આધાર પર ફેરફાર કરવામાં આવનાર છે. ગોરખપુર, ફુલપુર તેમજ કૈરાના અને નુરપુરમાં ભાજપની કારમી હાર થયા બાદ લોકસભા ચૂંટણીની વધારે આક્રમક તૈયારી હાથ ધરવાની તૈયારી કરવામાં આવી છે.

### છ દિવસ વધારો થયા બાદ ભાવ વધારા પર બ્રેક

## પેટ્રોલ-ડિઝલની કિંમત મામલે કોઈ દખલગીરી નહીં : કોર્ટ

**પેટ્રોલ અને ડીઝલ કિંમતમાં વધારો રોકાઇ જતા સામાન્ય લોકોને રાહત થઇ**

નવી દિલ્હી

પેટ્રોલ અને ડીઝલની કિંમતના મામલામાં કોઈપણ દરમિયાનગીરી કરવાનો આજે દિલ્હી હાઈકોર્ટે સાફ ઈન્કાર કર્યો હતો. કોર્ટે આને પોલિસી સાથે જોડાયેલા નિર્ણય તરીકે ગણાવ્યો હતો. એક જનહિત અરજી ઉપર સુનાવણી કરતી વેળા બુધવારના દિવસે કોર્ટે આજે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતો વચ્ચે આજે આંશિક રાહત મળી હતી. છ દિવસ બાદ રાહત મળતા દિલ્હી અને મુંબઈમાં રેટમાં વધારો કરવામાં આવ્યો ન હતો. કોલકાતામાં પેટ્રોલ અને ડીઝલની કિંમત એક રૂપિયો ઘટી છે. બંગાળ સરકારે એક રૂપિયાનો ઘટાડો કર્યો છે. ચેન્નાઈમાં ઓઈલ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલમાં બે પૈસાનો નજીવો ઘટાડો કર્યો છે. તેલ કંપનીઓએ પાંચમી સપ્ટેમ્બરને બાદ કરતા ૨૯મી ઓગસ્ટથી ૧૧મી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો કરવામાં આવ્યો છે. ક્રૂડની કિંમત વધતા અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થતાં કંપનીઓ માટે ક્રૂડની આયાત મોંઘી થઈ છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત થઈ હતી. કારણ કે સતત છ દિવસ સુધી પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યા બાદ આજે ભાવ વધારો રોકાઈ ગયો હતો.

## સી.આઈ.ડી.ક્રાઇમે રિમાન્ડ માટે પાલનપુર સબ જેલમાંથી સંજીવ ભટ્ટનો કબ્જો લીધો


સંજય જોષી

**૧૦ દિવસના રિમાન્ડ મળતાં પૂર્વ એસ.પી તેમજ પૂર્વ પી.આઈ.નો કબ્જો લેવાયો**

પાલનપુર

બનાસકાંઠાના તત્કાલિન એસ.પી. સંજીવ ભટ્ટ ના બોગસ NDPS કેસમાં ૧૦ દિવસના રિમાન્ડ મંજુર થતા સી.આઈ.ડી.ક્રાઈમે તેમનો પાલનપુર સબજેલમાંથી કબ્જો મેળવ્યો હતો.

બોગસ NDPS કેસમાં CID ક્રાઈમ દ્વારા પૂર્વ IPS સંજીવ ભટ્ટની ધરપકડ કરાઈ હતી. જેઓનો રિમાન્ડ પાલનપુર કોર્ટે ના-મંજુર કર્યા હતા. જેને પગલે હાઈકોર્ટેમાં રિમાન્ડ માટે અપીલ કરાઈ હતી. જેમાં હાઈકોર્ટે પૂર્વ IPS સંજીવ ભટ્ટ અને PI ઈન્દ્રવદન વ્યાસ ના ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા. ત્યારે પાલનપુર જિલ્લા જેલમાંથી CID ક્રાઈમએ બન્ને આરોપીઓનો કબ્જો મેળવ્યો હતો. CID ક્રાઈમ ની ટીમ બન્ને આરોપીઓને રિમાન્ડ અર્થે પાલનપુર થી ગાંધીનગર ખાતે લઈ જવા રવાના થઈ હતી.

## રખેવાળ અંક બંધ

આજે તા.૧૩/૯/૨૦૧૮ ને ગુરૂવારના રોજ 'સવંત્સરી પર્વ' નિમિત્તે 'રખેવાળ' કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. તેથી તા.૧૪/૯/૨૦૧૮ ને શુક્રવારનો અંક પ્રસિધ્ધ થઈ શકશે નહીં. જયારે તા.૧૫/૯/૨૦૧૮ ને શનિવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપન દાતાઓ અને એજન્ટ બંધુઓએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## 'મિચ્છામી દુક્કડમ્'

**'ખામેમી સવ્વજીએ... સવ્વે જીવા ખમંતુમે મિત્તીમે સવ્વભુએસુ... વેરં મજઝં ન કેણઈ**

પર્યુષણ મહાપર્વનો આજે અંતિમ દિન એટલે કે 'સંવત્સરી' નું પર્વ...

**આજના મંગલ દિવસે વાંચક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ, તથા પ્રતિનિધિ તેમજ એજન્ટ મિત્રો અને સ્નેહીઓને 'મિચ્છામી દુક્કડમ્' પાઠવીએ છીએ.**

- રખેવાળ પરિવાર

## પાલનપુરમાં પોલીસે તબીબ ઉપર ડંડાવાળી કરતાં આક્રોશ


સંજય જોષી

**મહિલાની કારની હવા કાઢતા તબીબ કહેવા જતાં લોકઅપમાં પૂર્યા હોવાની રાવ**

પાલનપુર

પાલનપુરમાં ટ્રાફિક નિયમનના નામે પોલીસ દબંગાઈ પર ઉતરી આવી હોવાની રાવ ઉઠી છે. જેનો કડવો અનુભવ એક તબીબને થયો હતો. ટ્રાફિક નિયમન કરવા નીકળેલી પૂર્વ પોલીસ મથકની ટીમે સીમલાગેટ અંબાજી મંદિર પાસે એક મહિલાની કારના ટાયરમાંથી હવા કાઢી હતી.આ બાબતે એક તબીબ કહેવા જતા પોલીસે જાહેરમાં તબીબને ડંડા મારી પોલીસ મથકે લઈ જઈ લોકઅપમાં પુરી દીધા હોવાની રાવ ઉઠી છે. જેના પગલે પોલીસ સ્ટેશનમાં લોકોનું ટોળું એકત્ર થઈ જતા ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. પાલનપુરમાં છેલ્લા ૧૫ દિવસથી પોલીસ દ્વારા અમદાવાદ પોલીસ ની કાર્યવાહીની જેમ સાંજે ટ્રાફિક નિયમન કરવામાં આવી રહ્યું છે. જોકે, પોલીસ દ્વારા ટ્રાફિકના નિયમ વિરુદ્ધ પાર્ક કરાયેલા વાહનો ટોઈંગ કરવાને બદલે તેના ટાયરમાંથી

અનુસંધાન પાના નં.૬

### સમાજ સુરક્ષા ખાતાને કેન્દ્ર તરફથી એવોર્ડ

## ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર

### વચેટિયા પ્રથા દૂર કરીને લાભાર્થીને લાભોની રકમ સીધી બેંકમાં જમા કરાવવા બદલ રાજ્યની કામગીરીની પ્રશંસા

અમદાવાદ

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરસિંહ પરમારે જણાવ્યું છે કે, ગુડ ગવનર્ન્સ થકી લાભાર્થીઓને સીધા લાભ આપવા માટે ગુજરાત સરકારે જે આયોજનો કર્યા છે તે રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થયા છે. કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ અંતર્ગત લાભાર્થીઓને ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર દ્વારા સહાય ચૂકવણી બદલ ગુજરાત સરકારને એવોર્ડ આપવામાં આવ્યો છે તે આપણા સૌ માટે ગૌરવ સમાન છે. મંત્રી પરમારે ઉમેર્યુ કે, રાજ્યમાં વચેટીયા પ્રથા દુર થાય અને જરૂરીયાતમંદ લાભાર્થીઓને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો સીધા મળે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. મુખ્યમંત્રીએ ટેકનોલોજીના માધ્યમ દ્વારા પારદર્શી વહીવટ અને ગુડ ગવર્નન્સ થકી જે લાંબા ગાળાના આયોજનો કર્યા છે તેના પરિણામ સ્વરૂપે આ સફળતા મળી છે જે માત્ર ને માત્ર રાજ્ય સરકારની હકારાત્મક નીતિને આભારી છે. મંત્રી પરમારે ઉમેર્યુ કે, રાજ્ય સરકારના સમાજ સુરક્ષા ખાતા હેઠળની વિવિધ યોજનાઓના તમામ લાભાર્થીઓને વર્ષ ૨૦૧૮-૧૯થી દ્વારા સૌ પ્રથમ ચૂકવણી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે તે બદલ આ એવોર્ડ પ્રાપ્ત થયો છે.

આ તમામ યોજનાના અંદાજે ૭ લાખથી વધુ લાભાર્થીઓને પ્રતિ માસ તા.૧ થી ૫ દરમિયાન ૫૧૪૩.૮૮ લાખની સહાય સીધે સીધી તેમના બેન્ક ખાતામાં સંપૂર્ણ પારદર્શી રીતે ચૂકવી દેવામાં આવે છે. મંત્રીએ કહ્યુ કે, કેન્દ્ર સરકાર પુરસ્કૃત ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન સહાય યોજનાના ૬૦,૩૬૯૦ લાભાર્થીઓને માસિક પેન્શન ૪૨૧૧.૬૫ લાખની સહાય, તથા રાજ્ય સરકાર પુરસ્કૃત નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના ૭૩,૩૧૬ લાભાર્થીઓને ૪૯૧.૪૭ લાખની માસિક સહાય, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના હેઠળ ૧૦,૯૮૨ લાભાર્થીઓને ૭૩.૧૭ લાખની સહાય, સંત સુરદાસ વિકલાંગ પેન્શન યોજનાના ૪૧,૬૦૮ લાભાર્થીઓને ૨૮૬.૫૯ લાખની માસિક ચૂકવણી અને પાલક માતા-પિતા યોજના અન્વયે રાજયના અનાથ બાળકોને માસિક ૩૦૦૦ લેખે કુલ ૧૧૦૭ લાભાર્થીઓને ૮૧ લાખની ચૂકવણી કરી દેવાઈ છે.

પ્રાર્થના ઓર્થોપેડીક હોસ્પિટલ ડીસાનું નવુ સોપાન
સુરત-મુંબઇ નિષ્ણાંત ડોક્ટર દ્વારા કમર અને સાંધાના દર્દોની ઓપરેશન વગર આધુનિક પધ્ધતિથી ડૉ.શિપિર મહેતા દ્વારા સારવાર
• શું તમે નીચેની પીડાઓથી પરેશાન થાઓ છો?
• કમર / ગરદનનો દુ:ખાવો
• સાઇટીકા / પગમાં થતો દુ:ખાવો, રાંઝણનો દુ:ખાવો.
• ઘુંટણ / ખભાનો દુ:ખાવો.
• ટ્રાઇજેમીનલ ન્યુરાલજીઆ-ચહેરાનો દુ:ખાવો.
તો હવે પરેશાન થવાની જરૂર નથી.
દર મહિનાનો ત્રીજો શનિવાર
હવે પ્રાર્થના ઓર્થોપેડીક હોસ્પિટલમાં ઉપરની દરેક તકલીફ ઓપરેશન વગર - ઇંજેકશન દ્વારા, દૂરબીન વડે સંપૂર્ણ સારવાર થઇ શકશે.
ઘુંટણના ઘસારામાં ઓપરેશન વગર PRP / પ્રોલોથેરાપી / રેડિયો ફ્રીકવન્સી દ્વારા સારવાર
તા.૧૫/૦૯/૨૦૧૮, સવારે ૧૦ થી ૫ કલાક સુધી
ડૉ.આશિત ગાંધી
ડૉ.રમેશ સોલંકી
ડૉ.શિપિર મહેતા
વિશ્વકર્મા મંદિરની સામે, હાઇવે, ડીસા, જિ.બનાસકાંઠા
સંપર્ક : ૯૯૭૪૮ ૫૫૫૦૮, ૯૭૧૪૯ ૫૫૫૦૮

**સૂર્યોદય - ૬.૨૬ સૂર્યાસ્ત - ૬.૨૪**

## તિથિદર્શન
ભાદરવા સુદ-૪ ગુરૂવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ભાદરવા સુદ :ચોથ ગુરૂવાર નક્ષત્ર:સ્વાતી રાત્રે ૧૨.૫૪ પછી વિશાખા યોગ: ઐંદ કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**દૂરા દર્યિનમા કલપ્ય ભજતે સધો વિરૂપાશ્નતાં**
**સંગે કિંચ વિરોચનત્વમય સંસ્થાને નૃસિંહકૃતિમ્**
**પાંડિત્યો ક્તિષુ વક્રતુંડ રચનાં દાને ત્વપર્ણત્મતા**
**મેકઃ પંચસુરાત્મકઃ પ્રભુરહા ભાગ્યેઃ કલૌ લભ્યતે**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘કળિયુગનો મહિમા’માંથી આ શ્લોક છેઃ-

આ કળિયુગમાં રહેલો માણસ પોતે એકલો હોવા છતાં પંચદેવોનું સ્વરૂપ ધારણ કરી ‘પંચમુખી’ બને છે. જેમ કે (૧) દૂરથી કોઈ યાચકને આવતો જુએ તો તરત વિરૂપાક્ષ- આંખો ફેરવીને વાત કરતો કે ત્રિનેત્ર શિવ જેવું ક્રોધાયમન સ્વરૂપ ધારણ કરી લે છે. (૨) કોઈ અણગમતી વ્યક્તિ નજીક આવે ત્યારે તે વિરોચન- સૂર્ય સ્વરૂપ ધારણ કરી પોતાના તાપથી વિરોચન- સૂર્ય સ્વરૂપ ધારણ કરી પોતાના તાપથી તેને દઝાડે છે. આમ છતાં ત પાસે આવનાર વ્યક્તિ (૩) તેની નજીક આવી બેસી જાય ત્યારે એ નૃસિંહ સ્વરૂપ ધારણ કરી તેને પેટથી ચીરી નાંખે એવી ભયંકરતા બતાવે છે. (૪) વળી, તેની પાસે કોઈ વિદ્વતા ભરી જ્ઞાનની સત્સંગ- બુદ્ધિની વાત કરે ત્યારે વક્રતુંડ ગણેશનું સ્વરૂપ ધારણ કરી ડોક ફેરવી લે છે, અર્થાત્ સત્સંગ- સારી વાત સાંભળવામાં તેને જરા પણ રસ નથી. (૫) જ્યારે કોઈ દાન માગવા આવે ત્યારે માતાજી અપર્ણા- જાણે પાંદડું પણ ન હોય એવો ગરીબીનો કંજૂસિયો ભાવ દર્શાવે છે. આવા પંચદેવ ભાગ્યશાળીઓને જ જોવા મળતા હોય છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.)સ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું હિતાવહ.**

**મિથુન : (ક.છ.ઘ.)નવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.**

**કર્ક : (ડ.હ.)પરિવારજનોમાં યશ, વૃદ્ધિ રહેશે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.**

**સિંહ : (મ.ટ.)ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.**

**કન્યા : (પ.ઠ.ણ.)આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.**

**તુલા : (ર.ત.)આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**

**વૃશ્ચિક : (ન.ય.)વિવાહના કાર્યમાં સફળતા મળે. આયોજન થાય. આર્થિક સ્થિતિ સુધરે.**

**ધન : (ભ.ફ.ધ.)કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.**

**મકર : (ખ.જ.)પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.**

**કુંભ : (ગ.શ.સ.) મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.**

**મીન : (દ.ચ.જ.થ.)માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ભારતીય કલા અને સંસ્કૃતિની અપૂર્વ સેવા કરનાર ડૉ. આનંદકુમાર સ્વામીની પુણ્યતિથિ છે. જન્મ ૨૨/૮/૧૮૭૦. એમનો જન્મ શ્રીલંકાની રાજધાની કોલંબોમાં થયો હતો. પવિત્ર ભારતીય ભૂમિનાં દર્શનથી સૌપ્રથમ વાર પુલકિત બનેલા ડૉ. આનંદ કુમાર તેની પૂજા માટે દર્ભાસન પર બેસી ગયેલા. એટલું જ નહીં, પરંતુ ભારતીય ધર્મો અને તેના ઉચ્ચ તત્વજ્ઞાનથી પ્રભાવિત બની ખ્રિસ્તી ધર્મ ત્યાગી તેઓ વૈષ્ણવ બની ગયા. એકલે હાથે અને મર્યાદિત સાધનો વડે ભારતીય કલાના ઉત્થાન માટે આનંદકુમારે જે વિરાટ કામ કર્યું છે તે ખરેખર આશ્ચર્યજનક છે. ૭૦ વર્ષની વયે બોસ્ટનમાં એમનું ૧૩/૯/૧૯૪૭ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2015 CERTIFIED
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
Stock Market Trading Consultancy
www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## તા. ૧૪.૦૯.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૧૪૭૪ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૨.૦૯.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૧૪૧૨ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૧૩૮૮ પોઈન્ટના પ્રથમ અને ૧૧૩૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૧૪૪૭ પોઈન્ટ થી ૧૧૪૬૦ પોઈન્ટ, ૧૧૪૭૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૧૪૭૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૨.૦૯.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૭૦૦૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૬૮૮૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૭૦૭૩ પોઈન્ટ થી ૨૭૧૦૯ પોઈન્ટ, ૨૭૧૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૭૧૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**લાર્સેન લિમિટેડ (૧૩૫૫) :- કન્સ્ટ્રક્શન ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૩૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૨૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૭૨ થી રૂ.૧૩૮૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૮૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**હેવેલ્સ ઈન્ડિયા (૬૫૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૩૩ આસપાસ પોઝીટ-ીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૨૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૬૩ થી રૂ.૬૭૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ડાબર ઈન્ડિયા (૪૫૭) :- રૂ.૪૪૦ નો પ્રથમ તેમજ રૂ.૪૨૭ ના બીજા સપોટ-’થી પર્સનલ પ્રોડક્ટ્સ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૪૭૨ થી રૂ.૪૭૭ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**લ્જીઉ સ્ટીલ (૪૦૨) :- સ્ટીલ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૪૧૭ થી રૂ.૪૨૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૩૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (૩૩૬) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૩૧૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયકઁ જોં ઓઈલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૪૭ થી રૂ.૩૫૫ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**સિએટ લિમિટેડ (૧૩૬૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો ટાયર સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૩૮૨ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૩૫૫ થી રૂ.૧૩૪૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૩૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**HCL ટેકનોલોજી (૧૦૮૭) :- રૂ.૧૧૦૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૧૨ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૦૭૩ થી રૂ.૧૦૬૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૨૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**તાતા કેમિકલ્સ (૭૫૨) : કોમોડિટી કેમિકલ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૭૦ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૩૭ થી રૂ.૭૩૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એકસિસ બેન્ક (૬૩૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૬૨ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૨૬ થી રૂ.૬૧૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૭૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**તાતા સ્ટીલ ( ૬૦૮ ) :- રૂ.૬૧૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૨૩ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૯૬ થી રૂ.૫૮૮ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૬૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **www.nikhilbhatt.in** ને આધીન...!!!

# ‘‘મિચ્છામિ દુક્કડં’ ના મંત્રવાક્યથી જૈનો આજે સકળ જીવરાશી સાથે ક્ષમાપના કરશેઃ પં.રાજરક્ષિતવિજય મ.સા.

શ્રી પાર્શ્વ- પ્રેમ શ્વે. મૂ.જૈન સંઘ ભાયંદર (વે.) માં યુગપ્રધાન- આચાર્યસમ પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મ.સાહેબના શિષ્ય પ્રવચનકાર પંન્યાસશ્રી રાજરક્ષિતવિજયજી, પં.મનોભૂષણવિજયજી આદિની પાવનનિશ્રામાં માસક્ષમણ અઠ્ઠાઈના તપસ્વીઓનું સામુહિક પચ્ચક્ખાણ તથા પૂંજણું કરવામાં આવ્યું હતું. તમામ તપસ્વીઓ તથા પરિવારને વાસક્ષેપ કરતાં પ્રવચન હોલ ‘‘તપસ્વી અમર રહો’’ થી ગાજી ઉઠ્યો હતો. નાના બાળકો- યુવાન- યુવતીઓના તપ પુરૂષાર્થની ખુબ જ અનુમોદના કરવામાં આવી હતી. વિશ્વ જ્યારે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં ભોગાંધ બન્યું હોય, યયાતિનો ભોગવાદ બેફામ બન્યો હોય તેવા સમયમાં શરીર સાથે યુદ્ધ કરીને અપૂર્વ કર્મનિર્જરા કરીને કમાલ કરી છે. તપસ્વીઓને હિતશિક્ષા આપતાં જણાવ્યું કે, તમોએ માસક્ષમણ-અઠ્ઠાઈ કરીને તપધર્મનું કંકુતિલક કર્યું છે. હવે તેની ઉપર ત્યાગ- તિતિક્ષાનો બાદલો લગાડજો. પરંતુ ભૂલથી પણ કામ- ક્રોધ કે ભોગની કોલસીનો ભુક્કો લગાડતા નહીં. પર્યુષણ પર્વના સાતમા દિવસે શ્રી પાર્શ્વનાથ પ્રભુના જીવનમાંથી ભક્તિનો સંદેશ, શ્રી નેમિનાથ પ્રભુના ચરિત્રમાંથી જીવમૈત્રીનો સંદેશ, પ્રભુના આંતરામાંથી શુદ્ધિનો સંદેશ તથા શ્રી આદિનાથ પ્રભુના ચરિત્રમાંથી શૌર્યનો સંદેશ પ્રાપ્ત થાય છે.

તા.૧૩ સપ્ટેમ્બર સંવત્સરિ મહાપર્વ નિમિત્તે સેંકડો જૈનો પૌષધ વ્રત તથા ઉપવાસ કરશે. વરસમાં એકવાર ગુરુમુખથી સંભળાવાતું બારસાસૂત્રનું પ્રથમ પૂજન- વાસક્ષેપ પાંચ પૂજા કર્યા બાદ સાંજે ૮/૦૦ કલાકે વાંચન શરૂ થશે. ૨૫૦૦ વરસ પૂર્વે ચૌદ પૂર્વધર ભદ્રબાહુસૂરિજીએ બનાવેલ બારસાસૂત્રનું વાંચન તમામ શ્રાવક- શ્રાવિકાઓ શ્રદ્ધાપૂર્વક કરે છે. બપોરે ૪/૦૦ કલાકે સર્વજીવો સાથે સાચા દિલથી ક્ષમાપના કરીને સંવત્સરિ પ્રતિક્રમણ કરીને પાપથી હળવો થશે. મિચ્છામિ દુક્કડંના મંત્ર વાક્યથી સકળ જીવરાશિને સાચા દિલથી ખમાવશે.

# કાંકરેજની રુવેલ નવા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાની રુવેલ નવા પ્રા.શાળામાં સી.આર .સી.કક્ષાનુ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ.જેમાં રુવેલ કલસ્ટરની સાત શાળાના બાળકોએ કુલ પાંચ વિભાગોમાં ૧૪ કૃતિઓ રજુ કરવામાં આવી.તમામ બાળકોએ ખુબ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો.રુવેલ સી.આર.સી.કો.ઓર્ડીનેટર ભગવાનભાઇ પરમારે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન અંતર્ગત પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ.અને બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.પે.કે.શાળાના આચાર્ય નટુભાઇ આઇ.સુથારે આધુનિક યુગમાં વિજ્ઞાનની હરણફાળ તેમજ વિજ્ઞાનના મુલ્યો વિશે બાળકોને વિગતવાર સમજ આપી.તેમા પેટા કેન્દ્ર શાળાના તમામ શિક્ષકમિત્રોએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.ભાગ લીધેલ તમામ બાળકોને સી.આર.સી.તરફથી પ્રમાણપત્ર,ચોપડી,અને પેન ભેટ સ્વરુપે આપવામાં આવી.તેમજ બાળકોને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.આ કાર્યક્રમનુ સંચાલન અને આભાર વિધિ રુવેલ નવા પ્રા.શાળાના આચાર્ય સવજીભાઇ પરમારે કરી હતી.

# પર્યુષણનું પર્વ-આઠમો દિવસ



ક્ષમા માંગવી અને ક્ષમા આપવી એ દરેક માનવોનું પરમ કર્તવ્ય છે.

પૂ.નયશેખર મ.સા.

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વનો આઠમો દિવસ એટલે વર્ષ દરમ્યાન લાગેલા પાપોથી આત્માને સંવત્સરી પ્રતિક્રમણ દ્વારા શુદ્ધ કરવાનો અવસર એટલે આજનું સંવત્સરી મહાપર્વ પાપોની કબુલાત તેનો પસ્તાવો અને તેનું પ્રાયશ્ચિત એટલે પ્રતિક્રમણ મન વચન અને કાયાથી નાના કે મોટા કોઈ પણ જીવને દુભવ્યા હોય તો ક્ષમા માંગવાનો અવરસ એટલે સંવત્સરી પર્વ પર્યુષણનો પ્રાણ છે ક્ષમાપના જ્યાં સુધી જગતના એકપણ જીવ સાથે વૈર કે દ્વેષ હોય ત્યાં સુધી આપણા આત્માનો મોહ થતો નથી. કષાયોથી ભરેલું મન તે જ સંસાર છે અને કલેશ રહિત મન તેજ મોક્ષ છે અહંકાર માણસને નમવા દેતો નથી. અને નમ્યા વગર વૈરની ગાંઠ ઉકેલી શકાતી નથી. શેરડીના સાંઠામાં જ્યાં ગાંઠ હોય છે ત્યાં રસ નથી હોતો અને જ્યાં રસ હોય ત્યાં ગાઠ હોતી નથી. સૌ પ્રત્યેનો પ્રેમ પરમાત્માના પ્રેમ પ્રતિ દોરી જાય છે. સઘળી ધર્મ આરાધાનાનું અંતિ લક્ષ્ય તો કષાય મુક્તિ જ છે. દરરોજ કરાતી અડતાલીશ મિનીટની સામાયિકની આરાધના કષાય મુક્તિનું શ્રેષ્ઠ સાધન છે વિશ્વ યુદ્ધના આરે આવીને ઉભેલી દુનિયાને આજે સૌથી વધુ જરૂર મહાવીર સ્વામીના મૈત્રીના સંદેશની છે. ક્ષમાપના ઔપચારિકતા ન બની રહેતા આત્મીયતા બનવી જોઈએ. દુનિયાના તમામ જીવોને અભયદાન આપીને શત્રુભાવને ઓગાળી નાખનાર મુનિઓ ક્ષમાશ્રમણ કહેવાયા જે ક્ષમા માંગે છે અને ક્ષમા આપે છે તે જ આરાધક છે. જગતના તમામ જીવોને ખમાવો અને મૈત્રીનો પૈગામ ફેલાવો આઠ દિવસની આરાધનાનો આનંદ વર્ષભર સ્મૃતિ સુગંધ પ્રસરાવતો રહે તો આરાધના સાર્થક બની તેમ માનવુ જોઈએ. મિચ્છામિ દુક્કડમ્...

# દીઓદર નીલકંઠ મહાદેવના મંદીરમાં હવન યોજાયો



અશોક શેઠ

તા.પ્રતિ. દિયોદર

શ્રાવણ માસ એટલે ભક્તિભાવથી ભોલેનાથની આરાધનાનો માસ દરમીયાન દરેક શીવાલયો હરહર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. જ્યારે દીઓદર ખાતે આવેલ નીલકંઠ મહાદેવના મંદીર પણ સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન શિવપુજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં દરરોજ શિવલીંગ પર બીલીપત્રો દુધ-જળનો અભિષેક કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ દરરોજ મહાદેવની આરતી કરવામાં આવેલ.

જેમાં મોટી સંખ્યામાં શિવલીંગની પુજા કરવા માટે ભક્તોની ભીડ જામતી ત્યારબાદ શ્રાવણ માસના અંતિમ દિવસે ગ્રામજનો દ્વારા નિલકંઠ મહાદેવના મંદીરમાં યજ્ઞનું આયોજન કરવામાં આવેલ.જેમાં સમગ્ર દિયોદર નગરનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લો કોલેજ (કાંટ) ડીસા ખાતે વૃક્ષારોપણ



ડીસા

લો-કોલેજ કાંટ (ડીસા) ખાતે ભારત વિકાસ પરિષદ અને લો-કોલેજના સંયુક્ત ઉપક્રમ ‘‘વૃક્ષારોપણ’’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારત વિકાસ પરિષદના સભ્યો જેમાં ડૉ.પારસભાઈ ત્રિવેદી, જયેશભાઈ દેસાઈ, નવિનકાકા, નાથાભાઈ, ભાવેશભાઈ ઠક્કર તેમજ સર્વોદય એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી તેમજ લો-કોલેજના પ્રિન્સીપાલ ડૉ.રાજુલબેન દેસાઈ અને કોલેજના અધ્યાપક કલ્પેશભાઈ ઠક્કર, પિન્ટુભાઈ રાજગોર, પિયુશભાઈ કાનુડાવાલા, સંજયભાઈ દેસાઈ, યોગેશ ભાઈ છીપા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# ભેસાણા પ્રા.શાળામાં તિથીભોજન યોજાયું



અશોક શેઠ

તા.પ્રતિ. દીઓદર

દીઓદર તાલુકાના ભેસાણા પ્રા.શાળા તેમજ પેટાપરા શાળાઓમાં તિથિધોજન યોજાયેલ.તિથી ભોજનના દાતા તરીકેનો લાભ ભેસાણા રામાપીર મંડળ તાલુકા પંચાયત સદસ્ય સેવંતીભાઈ દ્વારા લેવામાં આવેલ આ પ્રસંગે શાળાના તમામ બાળકોએ તિથિભોજનનો લાભ લીધેલ. ભસોણા ના યુવાનો તથા રામપીર મંડળે જહેમત ઉઠાવેલ.

## શ્રી ગણેશ ગુણગાન

# શ્રી ગણપતિજીએ વૃકાસરનો વધ કર્યો તેની કથા

શિવજી અને પાર્વતીજીનાં પુત્ર વિઘ્નહર્તા શ્રી ગણેશજી છ વર્ષના થયા. તેમની દરરોજની બાળલીલા જોઈ શિવજી, પાર્વતીજી તેમજ શિવજીના ગણો ખુબ જ હર્ષ પામતા. સૌ શ્રી ગણપતિજીને વહાલ કરતાં ગણપતિજી પણ સૌને આનંદ આપતાં.

એક દિવસ ગણપતિજી પોતાનાં બાળ મિત્રોને સાથે રાખી અને રમવા માટે ઘરેથી નિકળી ગયેલા એવા સમયે ભગવાન શ્રી વિશ્વકર્માજી શિવલોકમાં આવ્યા. તેમણે ભગવાનશ્રી અને માતા પાર્વતીજીને પ્રણામ કર્યા. જગતપિતા એવા શિવજી અને જગતમાતા પાર્વતીજીને પ્રણામ કર્યા. જગતપિતા એવા શિવજી અને જગતમાતા પાર્વતીજીએ વિશ્વકર્માજીને આવવાનું કારણ પૂછ્યું ત્યારે, વિશ્વકર્માજીએ પ્રત્યુત્તર વાળતાં કહ્યું. હે માતા અમારા વિસ્તારમાં એક વૃકાસુર નામનો અસુર અને તેના સાગરીતો કોઈને ચેનથી રહેવા દેતા નથી અને દેવતાઓનું બળ તેમની પાસે ઓછું પડે છે. અને તે દેવલોકમાં ધીરે ધીરે પગ પેશારો કરી અને આગળ વધી રહ્યો છે. અને આમને આમ તે ક્યારે શિવલોક સુધી પહોંચી જાય તે પણ નક્કી નહીં. માટે હવે શું કરવું તેનો અમને કોઈ માર્ગ દેખાતો નથી.

આ પ્રમાણે ચર્ચા ચાલી રહી હતી ત્યારે અચાનક શ્રી વિઘ્નહર્તા ગણેશજી પોતાની બાલ મિત્રમંડળ સાથે શિવલોકમાં આવ્યા. ત્યાં શ્રી વિશ્વકર્માજીને જોઈ એમણે આશ્ચર્ય અનુભવ્યું. શ્રી વિશ્વકર્માજી બાળસ્વરૂપ ગણપતિજીનું પૂજન કરી અને કહ્યું મંગલમૂર્તિ એવા આપના દર્શન કરી અને પાવન થઈ ગયો.

બાળક શ્રી ગણપતિજીને શ્રી વિશ્વકર્માજીએ કહ્યું. એ બધું તો ઠીક પરંતુ આ મારા માટે કંઈક લાયક એવી ભેંટ લાવ્યા છો? હું જાણું છું કે આપ તો ઓલૌકિક વસ્તુઓ બનાવી શકવા માટે શક્તિમાન છો. ત્યારે શ્રી વિશ્વકર્માજી બોલ્યા, તમને તો હું શું ભેંટ આપી શકું? તેમ છતાં પણ મારી શક્તિ અનુસાર અને મારાથી આપી શકાય તેવી આ ભેંટ કે જેમાં શિક્ષણ અંકુશ, પરશુ, પાસ અને પદન લઈ આવ્યો છુ. જેના વડે તમે તમારા શત્રુઓનો સંહાર કરી શકશો.

આ નવિન ભેંટની વસ્તુઓ જોઈ અને શ્રી ગણપતિજી તો રાજીનાં રેડ થઈ ગયા. અને કહેવા લાગ્યા કે, મેં સાંભળ્યું છે કે હમણા વૃકાસુર નામના એક દૈત્ય અને તેના અસુર મિત્રોથી દેવતાઓ ત્રસ્ત થયેલા છે. આ શસ્ત્રોનો સર્વપ્રથમ હું તેમના પર પ્રયોગ કરીશ. માટે મને આ શસ્ત્રોનો ઉપયોગ કરતાં શીખવાડો.

ત્યારે શ્રી વિશ્વકર્માજી મંગલમૂર્તિ એવા શ્રી ગણપતિજી મહારાજને પોતે બનાવેલા અસ્ત્ર-શસ્ત્રનો કઈ રીતે ઉપયોગ કરવો તેનું જ્ઞાન આપ્યું. અને ત્યારપછી શિવજી પાર્વતીજી અને ગણપતિજી પાસેથી શ્રી વિશ્વકર્માજીએ વિદાય લીધી. ત્યારપછી તો બાળક એવા શ્રી ગણપતિજીએ તે શસ્ત્રો ચલાવવાનો અભ્યાસ પણ સારી રીતે કરી લીધો.પછી તો તે શસ્ત્રો તેમને ખૂબ જ પ્રિય થઈ ગયા. એટલે કાયમ તેને સાથે રાખવાનું તેમને ખૂબ જ ગમતું.

એક દિવસ આ શસ્ત્રો સાથે લઈ અને પોતાનાં બાલ મિત્ર - મંડળ સાથે રમતો રમી રહ્યાં હતાં. બરાબર આ સમયે વૃકાસુર નામનો એક રાક્ષસ અને તેના સાથે અન્ય અસુરો ત્યાં આવી ચડ્યા. તેને આવતા જોઈ અને ગણપતિજીની સાથે રમી રહેલા અન્ય બાળકો ત્યાંથી ભાગવા લાગ્યા. પરંતુ, વિકરાળ એવા અસુરોને જોઈને પણ ગજાનન જરા પણ ગભરાયા વિના ત્યાં જ ઊભા રહ્યા. અસુર એવા વૃકાસુરનું લક્ષ્ય પણ શ્રી ગણપતિજી જ હતા. બંને વચ્ચે ભયંકર યુધ્ધ થયું અને તેની વાત ચારે તરફ ફેલાતાં સર્વતરફ હાહાકાર છવાઈ ગયો.

શ્રી ગણપતિજીએ અત્યંત બુદ્ધિપૂર્વક યુધ્ધ કરી અને પાશ-અંકુશનાં હુમલા વડે અસુર એવા વૃકાસરને લોહીલુહાણ કરી નાખ્યો. એ જોઈ અને તેની સાથે આવેલા અસુરો તો ભાગી જ ગયા. વૃકાસુર પણ પછી લોહીલુહાણ હાલતમાં ધરતી પર ઢળી પડ્યો અને તેનાં પ્રાણપંખેરૂ ઉડી ગયા.

આ સમયે શ્રી શિવજી-પાર્વતી, શ્રી વિષ્ણુ- લક્ષ્મીજી, બ્રહ્માજી- સાવિત્રી તથા સમસ્ત દેવતા ગણો ત્યાં આવ્યા. દેવતાઓએ પુષ્પવૃષ્ટી કરી. દુન્દુભી નગારા વાગ્યા અને સર્વત્ર શ્રી ગણપતિજીનો જય જયકાર થયો.

ગણપતિને પ્રસન્ન કરવાનો પ્રયોગ

શ્રી ગણપતિ વિઘ્નહર્તા, મંગલકર્તા તથા રિધ્ધિ- સિધ્ધિના દાતા છે. તેમને પ્રસન્ન કરવા માટે શ્રી ગણપતિજીના ભક્તો માટે એક સરળ પ્રયોગ અહીં રજુ કરું છું. ગણપતિજીની દ્વાદશ નામાવલી નીચે આપેલી છે. તે એક એક નામ સાથે શ્રી ગણપતિજીને દૂર્વા ચડાવવાથી વિઘ્નો દૂર થાય છે, ઘરમાં મંગલમય વાતાવરણ રહે છે અને રિધ્ધિ- સિધ્ધિ સમૃધ્ધિ કાયમ રહે છે.

શ્રી ગણપતિ દ્વાદશ નામાવલિ

૧. ઓમ શ્રી સુમુખાય નમઃ
૨. ઓમ શ્રી એકદંતાય નમઃ
૩. ઓમ શ્રી કપિલાય નમઃ
૪. ઓમ શ્રી ગજકર્ણાય નમઃ
૫. ઓમ શ્રી લંબોદરાય નમઃ
૬. ઓમ શ્રી વિકટાય નમઃ
૭. ઓમ શ્રી વિઘ્નનાશાય નમઃ
૮. ઓમ શ્રી વિનાયકાય નમઃ
૯. ઓમ શ્રી ધુમ્રકેતવે નમઃ
૧૦. ઓમ શ્રી ગણાધ્યક્ષાય નમઃ
૧૧. ઓમ શ્રી ભાલચંદ્રાય નમઃ
૧૨. ઓમ શ્રી ગજાનનાય નમઃ

આ મંત્રો સાથે દુર્વા ચડાવ્યા પછી શ્રી ગણપતિજીને હાથ જોડી, પગે લાગી નીચે મુજબ પ્રાર્થના કરવી.

નમસ્તસ્મૈ ગણેશાય,
બ્રહ્મ વિદ્યા પ્રદાયિને.
યસ્યા ગસ્ત્યા યજ્ઞે,
નામ વિઘ્ન સાગરશોષણે.

-કનકચંદ્ર છગનલાલ વ્યાસ

# ઈર્કોન ઈન્ટરનેશનલ લિમિટેડઃ આઈપીઓ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ ખુલશે અને ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે



અમદાવાદ

ઈર્કોન ઈન્ટરનેશનલ લિમિટેડ (‘‘કંપની’’) ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ ઈક્વિટી શેરદીઠ કિંમત (શેર પ્રીમિયમ સહિત) પર રોકડનાં બદલામાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં ઈક્વિટી શેર (‘‘ઈક્વિટી શેર’’)નો આઈપીઓ (‘‘ઓફર’’) પ્રસ્તુત કરશે, જેમાં ભારત સરકારનાં રેલવે મંત્રાલય મારફતે કાર્યરત પ્રમોટર ભારતનાં રાષ્ટ્રપતિ (‘‘વિક્રેતા શેરધારક’’) દ્વારા ૯,૯૦૫,૧૫૭ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર સામેલ છે. આ ઓફરમાં લાયકાત ધરાવતા કર્મચારીઓ (રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ)નાં સબસ્ક્રિપ્શન માટે ૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન (‘‘એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન’’) સામેલ છે. કર્મચારીઓનાં રિઝર્વેશન સિવાયની ઓફરનો હિસ્સો નેટ ઓફર કે ચોખ્ખી ઓફર તરીકે ઓળખવામાં આવે છે. કંપનીની પોસ્ટ ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીમાં ઓફર અને નેટ ઓફરનો હિસ્સો અનુક્રમે ૧૦.૫૩ ટકા અને ૧૦.૦૦ ટકા રહેશે. બિડ/ઓફર ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૮નાં રોજ બંધ થશે.

રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સને ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ (‘‘રિટેલ ડિસ્કાઉન્ટ’’) ઓફર થશે અને એમ્પોલોયી રિઝર્વેશન પોર્શનમાં ઓફર પ્રાઈસ પર ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૦નું ડિસ્કાઉન્ટ (‘‘એમ્પ્લોયી ડિસ્કાઉન્ટ’’) ઓફર થશે.

પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૪૭૦થી રૂ. ૪૭૫ છે. બિડ લઘુતમ ૩૦ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૩૦ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં કરી શકાશે. ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.ઓફરનાં બુક રનિંગ લીડ મેનેજર્સ (‘‘બીઆરએલએમ’’) આઈડીબીઆઈ કેપિટલ માર્કેટ્સ એન્ડ સીક્યોરિટીઝ લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ છે.

# તંત્રી સ્થાનેથી ...

### મુસ્કાન પ્રેમની ભાષા છે.

## રાજ્યમાં પ્રદુષિત પાણીથી થતા રોગચાળાને અટકાવવો જરૂરી

રાજ્યના શહેર અને ગામડાઓમા સ્વચ્છતા અભિયાન ચલાવવા માટે ભલે ગમે તેટલા પ્રયાસો કરવામાં આવે તો પણ વર્તમાન બે ઋતુમાં વકરતા રોગચાળાને નિવારવા માટે વ્યવસ્થિત પગલાં ભરાતા નથી. સરકારી નાની મોટી હોસ્પિટલોમાં દર્દીઓનું પ્રમાણ વધ્યું છે.પરંતુ તેઓને યોગ્ય અને પુરતી સારવાર અપાતી નથી.

ગામડાઓમાં ખરેખર સ્વચ્છતા અભિયાન થાય છે કે પછી બધું કાગળો પર જ ‘ઓકે’ કરી દેવામાં આવે છે, આ બાબતે ખરેખર સમીક્ષા હાથ ધરવી જોઈએ. સ્વચ્છતા અભિયાન માટે સરકાર દ્વારા લાખો કરોડોની ગ્રાન્ટો ફાળવવામાં આવી છે. પાલિકાઓ ડસ્ટબીન માટે લાખો ખર્ચ કરી રહી છે. પરંતુ નિયમ અનુસાર નાણાંનો ક્યાં કેટલો ખર્ચ થાય છે તેની જાણકારી પ્રજાજનોને હોતી નથી.

ગ્રામ્ય રસ્તાઓ, શેરીઓ, પંચાયત ઘરો વગેરેની સાફસફાઈ કેટલી થાય છે. તેની પણ નિર્ધારિત અધિકારીઓએ તપાસ ચલાવીને તેનો એક અહેવાલ તૈયાર કરીને સરકારને સોંપવો જોઈએ. સરકરે આ અંગે અગાઉ પણ આ બાબતને ગામડાઓના સરપંચોને ટકોર કરી હતી.

વર્તમાન સંજોગોમાં રાજ્યના મહાનગર ગણાતા અમદાવાદમાં ઠેરઠેર આવતા પ્રદુષિત પાણીના કારણે શહેરમાં ઝાડા ઉલટી, કમળો, ટાઈફોઈડ અને કોલેરાના કેસોમાં ખુબ વધારો નોંધાયો છે. ઓગસ્ટના પ્રથમ અગિયાર જ દિવસમાં કોલેરાના ૧૩ દર્દીઓ સારવાર માટે મ્યુનિ. સંચાલિત હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે.

અમદાવાદના શાહપુર, સરસપુર, નરોડા, કુબેરનગર, સરખેજ, નિકોલ, રામોલ, અમરાઈવાડી-ર, વટવા, ઈન્દ્રપુરી અને વાસણા વિસ્તારમાં કોલેરાના કેસો નોંધાયા છે. જ્યારે શહેરના ૫૪ જેટલા વિસ્તારોમાં પાણીમાં બેક્ટેરિયા જોવામાં આવેલ. આથી રોગચાળો ફેલાયો હોવાનું તારણ કરવામાં આવ્યું છે. જોકે ઓગસ્ટના પ્રારંભે ઝાડા ઉલટીના ૩૭૮ કેસ નોંધવામાં આવેલ. કમળાના ૨૧૪, ટાઈફોઈડના ૨૨૯ મળીને ૮૨૧ દર્દીઓતો મ્યુનિ. કોર્પોરેશનની હોસ્પિટલોમાં દાખલ થયેલ છે. ગત વર્ષની સરખામણીએ રોગચાળો વકર્યો છે. ખાસ કરીને જીઆઈડીસી સહિત મોટાભાગના ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારોમાં સાફસફાઈ ન થવાના કારણે અને શહેરના કેટલાક વિસ્તારોમાં પ્રદુષિત પાણી આવતુ હોવાના કારણે પ્રત્યેક રોગ પોતાનું પ્રભુત્વ જમાવી દે છે અને ભોગ બને છે સામાન્ય કક્ષાના લોકો, મજુર વર્ગ કે જેઓ મજુરી કરીને પેટીયું રળતાં હોય છે. તેવા લોકોને ઝડપથી સારવાર મળે તેવા માસ્ટર પ્લાન સરકારે વિચારવા જોઈએ. વર્તમાન સંજોગોમાં ઠંડુ અને ભેજવાળુ વાતાવરણ રહેતું હોવાથી પાણીજન્ય મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. અને ઝીણા જીવજંતુ મોટાભાગના વિસ્તારોમાં ફેલાયા હોવાથી મેલેરિયા અને ડેન્ગ્યુના કેસોનો વધારો થયો છે. આરોગ્ય વિભાગ ભલે ગમે તેટલા બણગા ફૂંકે પરંતુ હોસ્પિટલોમાં અસરકારક સારવાર થતી નથી. અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા ૮ થી ૧૦ દિવસમાં મેલેરિયાના ૫૨૦ અને ડેન્ગ્યુના ૧૪ કેસ થયા છે. આ રોગ આખો વકરે તો પરિસ્થિતિ ગંભીર બનવાની શક્યતાને નકારી શકાય તેમ નથી. છેલ્લા અઠવાડીયામાં ચિકનગુનિયાના બે કેસ નોંધાયા છે. આમ લગભગ ૬૨૦ દર્દીઓતો મ્યુનિ. હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. ખાનગી હોસ્પિટલો અને ઓ.પી.ડી.ના આંકડા જોવા જઈએ તો મચ્છરજન્ય રોગચાળાના ૧૧૦૦ જેટલા કેસો હોવાનું બહાર આવ્યું છે. ત્યારે રાજ્યના અન્ય શહેરો અને ગામડાઓમાં રોગચાળાના આંકડાની સમીક્ષા કરવી જરૂરી છે. રાજ્યના તમામ વિસ્તારોમાંથી પાણીના નમુનાઓની લેબોરેટરી તપાસ થવી જોઈએ.

## પર્યુષણ પર્વાધિરાજ

ભગવંતે ‘આત્માના ’ અસ્તિત્વ અંગે શંકાવાળા ઈન્દ્રભૂતિ પંડિત બ્રાહ્મણને એની શંકાનું વેદ પદ દ્વારા નિરાકરણ કરીને એમને ૫૦૦ શિષ્યો સહીત દીક્ષા આપી ગણધર પદવી આપી, એ જ રીતે ‘કર્મ’ ના સંદેહવાળા અગ્નિભૂતિ બ્રાહ્મણ પંડિતને ૫૦૦ શિષ્યો સહિત ‘તે જ જીવ અને તે જ શરીર’ ના સંદેહવાળા વાયુભૂતિ’ નામના બ્રાહ્મણ પંડીતને ૫૦૦ શિષ્યો સહિત, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ સ્વરૂપપાંચ ભૂત છે કે નહી’ સંશયવાળા એવા સંદેશવાળા વ્યક્ત નામના પંડિતને ૫૦૦ શિષ્યો સહિત, ‘આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં થાય છે કે ભિન્ન સ્વરૂપે થાય છે એવા સંદેહવાળા સુધર્મા નામના બ્રાહ્મણ પંડિતને ૫૦૦ શિષ્યો સહિત, ‘ આ જીવને કર્મનો બંધ અને કર્મથી મુક્તિ છે કે નહિ’ એવા મંડિત નામના બ્રાહ્મણ પંડિતને ૩૫૦ શિષ્યો સહિત, ‘દેવો’ના અસ્તિત્વ’ અંગેની શંકાવળા મૌર્યપુત્રને ૩૫૦ શિષ્યો સહિત, ‘નારકી’ના સંદેશવાળા અંકપિતં પંડિતને ૩૦૦ શિષ્યો સહિત,પુણ્ય અને પાપના અસ્તિત્વ’ અંગે શંકાવાળા અચલભાતા નામના બ્રાહ્મણ પડિતને ૩૦૦ શિષ્યો સહ, ‘પરોલોક’ના અસ્તિત્વ અંગે શંકાવાળા મેતાર્ય નામના બ્રાહ્મણ પંડિતને ૩૦૦ શિષ્યો સહ, મોક્ષના અસ્તિત્વ અંગે શંકાવાળા પ્રભાસ નામના બ્રાહ્મણ પંડિતને ૩૦૦ શિષ્યો સહ જૈન સાધુ દીક્ષા આપી અને ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા સ્વરૂપ ત્રિપદી અર્થાત સર્વ પદાર્થો ઉત્પન્ન પણ થાય છે, વિનાશ પણ પામે છે, સ્થિર પણ રહે છે એવા પ્રભુને વચનો કહ્યા, જેના શ્રવણ દ્વારા દ્વાદશાંગીની રચના કરનાર અગ્યાર પંડિતોને પ્રભુજીએ ગણધર પદવી દીધી. એ વખતે સૌધર્મેન્દ્ર દૈવી ચૂર્ણથી ભરેલા વજ્રમય દિવ્યથાળ લઈને પ્રભુ પાસે ઉભા રહ્યા. પ્રભુએ ગૌતસ્વામીને અને બાદમાં સુધર્મા સ્વામીને “દ્રવ્ય-ગુણ-પર્યાયથી તીર્થની અનુજ્ઞા આપુ છું. એમ કહી એમના મસ્તક પર વાસક્ષેપ નાખ્યો. દેવોએ પણ સુગંધી ચૂર્ણવૃષ્ટિ કરી. ભગવંતે ત્રીશ વર્ષ સુધી કેવળીપર્યાયનું પાલન કર્યું.અનેકાનેક ભવ્ય જીવોને પ્રતિબોધ પમાડી મોક્ષ માર્ગનું દાન કર્યું. ભગવંતનું છેલ્લું ચોમાસું મધ્યમ અપાયા નગરીમાં હસ્તિપાલ રાજાની જીર્ણ લેખકશાળામાં થયું. કારતક (આસો) વદ અમાસના રોજ પ્રભુ મોક્ષમાં પધાર્યા. કેવળજ્ઞાન સ્વરૂપ ભાવ દીપક ગયો એટલે અઢાર ગણ રાજાએ દ્રવ્ય દીપકો પ્રગટાવ્યા, ત્યારથી દીવાળીનું પર્વ પ્રવર્ત્યું, કારતિક સુદ એકમના રોજ ગણધર શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. દેવોએ એમના કેવળજ્ઞાનનો મહિમા કર્યો. ત્યારથી લોકોમા આનંદ ફેલાયો. ભગવંત શ્રી મહાવીર દેવના સંસારી ભાઈ નંદિવર્ધન પ્રભુના નિર્વાણના સમાચાર મળવાથી શોકાર્ત થયા. એ ભાઈ નંદિવર્ધનને બહેન સુદર્શનાએ પોતાના ઘરે નિયંત્રણ આપી આદર સહિત ભોજન કરાવ્યું. ત્યારથી ‘ભાઈબીજ’ પર્વ પ્રસિદ્ધ થયું.

શ્રી પાર્શ્વનાથ પ્રભુના નિર્વાણ પછી અઢીસો વરસ પછી શ્રી મહાવીર પ્રભુનું નિર્વાણ થયું. ત્યારબાદ ૯૮૦ વર્ષ શ્રી કલ્પસૂત્ર પુસ્તારૂઢ થયું. શ્રી વીર ભગવાનના નિર્વાણ બાદ ૯૯૩ વર્ષે આનંદપુર નગરમાં પુત્રમરણથી દુઃખી થયેલા એવા ધ્રુવસેન રાજાના શોકને દૂર કરવા માટે શ્રી કલ્પસૂત્ર શાસ્ત્રનું સભાસમક્ષ વાચન શરૂ થયું.

(મહાવીર વર્ધમાન ભગવાનનું ચરિત્ર સંક્ષેપમાં પૂર્ણ થયું.)

**- પં.ગુણસુંદર વિજયજી ગણી.**

**‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## રણજીત મેકાટ્રોનિક્સ લિ.નો IPO ૧૨મી સપ્ટેમ્બરે ખુલ્યો

રણજીત મેકાટ્રોનિક્સ લિ. (RML) અમદાવાદ સ્થીત નફો કરતી કંપની છે, જે ડીઝાઈનીંગ, એન્જીનિયરીંગ, સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ આધારીત ફાયર પ્રોટેક્શન અને ડિટેક્શન સિસ્ટમના ઉકેલ સુધીની સેવા પૂરી પાડે છે. વધુમાં કંપનીએ ચેન્નાઈ મટ્રોરેલ-એલીવેટેડ સ્ટેશન્સ, મેડીકલ કોલેજ, અનુક્રમે ચેન્નઈ, અમદાવાદ અને નાસિક ખાતે એરપોર્ટ જેવા મોટા પ્રોજેક્ટ પૂરા કરેલ છે. કંપની જાહેર જનતા માટે બુધવાર ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ જાહેર ભરણું (IPO) લાવવાની યોજના ધરાવે છે. જાહેરભરણું રૂ. ૧૦/-ની મૂળ કિંમત ધરાવતા ૧૮,૦૦,૦૦૦ શેર રૂ. ૨૫/- શેરદીઠ જાહેર જનતાને આપશે, જેની કિંમત રૂ. ૪૫૦ લાખ છે. આમાંથી ૯૬,૦૦૦ શેર માર્કેટ મેકર માટે અનામત રહેશે. કંપનીની ભરણા પહેલાની ફુલ્લી પેડઅપ શેર મૂડીના ૨૫.૮૨% જેટલું ચોખ્ખું ભરણું હશે. શેર્સ ભ્જીઈ લિમિટેડના ભ્જીઈ જીસ્ઈ પ્લેટફોર્મ ઉપર લિસ્ટેડ થશે. જાહેર ભરણું સોમવાર ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ બંધ થશે. કંપનીઝ કાયદો ૧૯૫૬ અન્વયે ૧૦ જૂન, ૧૯૯૩ના રોજ અમદાવાદ ખાતે “રણજીત ઈલેક્ટ્રીક પ્રાઈવેટ લિમિટેડ”ના નામ થી કંપનીની સ્થાપના થઈ હતી. સર્વપ્રથમ કિર્લોસ્કર પાસેથી ઈઈન્ ના નામે એગ્રીકલ્ચરલ એન્જીન, ઈન્ડસ્ટ્રીયલ એન્જીનનો ડિસ્ટ્રીબ્યુટરશીપ મળ્યું હતું. અમો વિવિધ શ્રેણીના ઘરેલુ અને એગ્રીકલ્ચર પમ્પસ, ઈન્ડસ્ટ્રીયલ પમ્પસ, ગ્રાહકલક્ષી અને એન્જીનીયર્ડ પમ્પ્સ વિગેરેનું વેચાણ કરતા હતા. કિર્લોસ્કર બ્રધર લિ. દ્વારા સને ૨૦૦૬-૦૭માં અમદાવાદમાં બીજો સૌથી વધુ વેચાણ ટર્નઓવર મેળવવા બદલ અમારી કંપનીને સન્માનિત કરવામાં આવેલ હતી.

RML એ હાંસલ કરેલ તેના ફાયનાન્સીયલ સ્ટેટમેન્ટ્સના આધારે સને ૨૦૧૬-૧૭માં મેળવેલ આવક રૂ. ૧૭૬૦.૯૯ લાખની સામે સને ૨૦૧૭-૧૮ દરમ્યાન રૂ. ૧૭૭૮.૧૯ લાખ ની સાથે ૦.૯૮% નો વધારો દર્શાવે છે. વધેલ આવક વેચાણ વધવાના કારણે થયો છે. બીજી આવક સને ૨૦૧૬-૧૭માં થયેલ ૨.૭૪ લાખની સરખામણીએ સને ૨૦૧૭-૧૮માં ૨૫.૫ લાખ થયેલ છે, જે નોન ઓપરેટીવ આવક વધવાના કારણે થયું છે.

## મેરિયોટ હોટેલ્સ એન્ડ ટેડે "વુમન ઈન ઈનોવેશન" સલૂનને હોસ્ટ કર્યું



મેરિયોટ ઈન્ટરનેશનલની અગ્રણી બ્રાન્ડ મેરિયોટ હોટેલ્સ વિશ્વભરમાં સર્જનાત્મક વિચારો અને અર્થપૂર્ણ વાતચીતને સ્પર્શ કરી રહી છે, તેણે ૬ સપ્ટેમ્બરના રોજ એશિયા પેસિફિકમાં બેંગલુરુ મેરિયોટ હોટેલ વ્હાઈટફિલ્ડમાં તેના ટેડ ફેલો સલૂનને હોસ્ટ કર્યું હતું. આ ઈવેન્ટમાં ઈનોવેટિવ એન્ટરપ્રિનીયર્સ, મેરિયોટ રિવાર્ડસ લોયલ્ટી મેમ્બર્સ, ઈન્ટરનેશનલ મીડિયા અને પ્રભાવકો તેમજ ટોચના બિઝનેસ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિતના ૨૦૦ થી વધુ મુવર્સ એન્ડ શેકર્સે હાજરી આપી હતી. બેંગલુરુ મેરિયોટ હોટેલ વ્હાઈટફિલ્ડને આ વર્ષે મેરિયોટ ટેડ ફેલો સેલોન હોસ્ટ કરવા માટેના સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું, કારણ કે શહેરની પ્રતિષ્ઠાને કારણે ભારતની તકનીકી અને નવીનતાના કેન્દ્ર તરીકેનું સ્થાન છે.આ ઈવેન્ટમાં, ત્રણ ટેડ ફેલોએ "વુમન ઈન ઈનોવેશન" ની થીમની આસપાસ વ્યક્તિગત અને વ્યાવસાયિક વાર્તાઓ શેર કરી.

## ભારતની સૌથી નાની સાસુ માટેનો માર્ગ બનાવો

**ગુડ્ડનની શાનદાર વાર્તા દ્વારા ઝી ટીવીએ ક્ષમતાઓ અને સ્વાવલંબનની પૌરાણિક માન્યતાઓ તોડવા માટે તૈયાર છે**

જીવનમાં આપણે ઘણી વખત કેટલાક અસહકારી લોકોને મળ્યા હોઈએ છીએ, જેઓ આપણી મહત્વકાંક્ષા પર ઠંડુ પાણી રેડી દે છે અને આપણી કંઈપણ કરવાની ક્ષમતા અંગે પ્રશ્નો કરે છે. ‘તુમસે ના હો પાયેંગા’ એ પણ આપણા સપના અને તેને પ્રાપ્ત કરવાની ક્ષમતાની રેસની સામે આવવતા પરંપરાગત અડચણોની વાત છે. નકારો કરનારાઓની સામે પ્રોત્સાહિત કરીને “હા હું કરી શકીશ!” એવું, ઝી ટીવીનો આગામી કાલ્પનિક ઓફર, ગુડ્ડન... તુમસે ના હો પાયેગામાં દર્શાવવામાં આવશે. શૂન્ય સ્ક્વેર દ્વારા પ્રોડ્યુસ આ શોમાં એક ૨૦ વર્ષની અત્યંત ખુશાલ છોકરી ગુડ્ડનની છે જેને તેના જીવનના મોટાભાગના ગામમાં કંઈને કંઈ ગરબડ કરી હોય અને તેના પરિવાર દ્વારા હંમેશા તેના પર બૂમાબૂમ થઈ હોય, કે તે ભાગ્યે જ કોઈ કામ સાચું કરે છે, તે મુશ્કેલ પરિસ્થિતિમાં પોતાની જાતને મોટી ઉંમરની પુત્રવધુની સૌથી નાની ઉંમરની સારુ બનવા જઈ રહી છે. પ્રથમ વખત ટેલિવિઝન પર, આપણે પરંપરાગત સાસ-બહુથી કંઈક અલગ સંબંધ જોઈશું કારણકે, ત્રણ પુત્રવધુઓ તેના ૪૦ વર્ષની ઉંમરના સસરા અક્ષત માટે યોગ્ય દુલ્હનની શોધમાં છે, તેમના પોતાના હિત માટે, તેઓ તેના લગ્ન ૨૦ વર્ષની ઉંમરની ગુડ્ડનની સાથે કરાવે છે. જે ઘરમાં લાંબા સમયથી રહેતી મોટી વહુઓનું શાસન ચાલે છે, ત્યાં નવી આવેલી સાસુ તરીકે ગુડ્ડનના પ્રતિકારો, પડકારો પણ તેના અનુભવ બહારના છે સાથોસાથ તેને સમયે સમયે તુમસેં ના હો પાયેગા જેવા શબ્દોથી તોડવામાં આવે છે. શું ગુડ્ડન સ્વાવલંબી બનશે અને તેના રોજિંદા પડકારોની સામે હિંમત કરીને ગુડ્ડન સે હો પાયેગા બતાવીને તે તેના ટીકાકારો અને ભાવનાત્મકબંધુઓનું મોઢું બંધ કરી શકશે? આ શોનું પ્રિમિયર ૩જી સપ્ટેમ્બરના રોજ યોજાશે અને શો સોમવારથી શુક્રવાર સાંજે ૮ વાગ્યે ઝી ટીવી પર પ્રસારિત થશે.ગુડ્ડન... તુમસે ના હો પાયેગામાં નિશાંત સિંઘ મલકાણી અક્ષતના પાત્રમાં છે, જે સંપૂર્ણપણે પર્ફેક્ટ એવો ત્રણ બહુનો સસુર છે અને કનિકા માનએ એકદમ મસ્તિખોર, બેફિકરા સ્વભાવની અને કોઈપણ જોખમ માટે તૈયાર ગુડ્ડનના પાત્રમાં છે. ગુડ્ડન અને અક્ષતની દુનિયા એકબીજાથી તદ્દન વિરુદ્ધ છે. તેના લીધે ઘણું નાટક ઉમેરાય છે, ગુડ્ડન માટેની કેટલીક હળવી પળો અને આંતરીક પ્રશ્નો એ દર્શાવે છે, પરંતુ સાથોસાથ તે એવું પણ દર્શાવે છે કે, કોઈપણ પ્રકારના પડકારો કેમ ન હોય, પરંતુ તે કોઈપણ પડકારોને ઉપાડવા માટે સક્ષમ બને છે.ગુડ્ડન તુમસે ના હો પાયેગામાં આ ઉપરાંત શ્વેતા મહાદિક, દલજીત સૌંધ, સેહરિષ અલી, મયંક વર્મા, રેહાન રોય અને અન્ય ઘણા અગ્રણી ભૂમિકામાં છેગુડ્ડન તુમસે ના હો પાયેગા પ્રસારિત થઈ રહ્યો છે, દર સોમવારથી શુક્રવાર સાંજે ૮ વાગ્યે ઝી ટીવી પર

## મુંબઈ ખાતે ૫૦થી વધુ અફઘાન કૃષિ નિકાસકારો ભારતીય ખરીદદારો સાથે વ્યવસાયિક જોડાણનું વિસ્તરણ

ભારતની અગ્રણી રિટેલ ચેઈન ફ્યુચર ગ્રુપે બિગ બાઝાર સહિતના તેના વિવિધ રિટેલ ફોર્મેટના માધ્યમથી ભારતીય ગ્રાહકો અને અફઘાનિસ્તાન બાગાયતી ઉત્પાદકો બન્નેને પારસ્પરિક લાભ પ્રદાન કરવા માટે યુએસએડ કોમર્શિયલ હોર્ટિકલ્ચરલ એન્ડ એગ્રીકલ્ચર માર્કેટીંગ પ્રોગ્રામ (ચેમ્પ) સાથે જોડાણ કર્યું છે.

આ વૃદ્ધિ પામતા વેપારના માધ્યમથી અફઘાનિસ્તાનની ઉન્નતિ માટે ભારતમાં વ્યવસાયો દ્વારા એકીકૃત કરવામાં આવી રહેલા ભારતના ચાલુ પ્રયત્નોનો ભાગ છે. સદીઓથી ફેલાયેલા ઈન્ડો-અફઘાન સંબંધો અફઘાનિસ્તાનમાં ક્લેશ અને સંઘર્ષથી ખંડિત થયા હતા. પરંતુ હવે, અફઘાનિસ્તાન ભારતીય બજારોમાં તેના ફળો, મેવાઓ અને મસાલાઓની પુનઃરજૂઆત કરવા તેના મિત્રો દ્વારા સંયુક્ત પ્રયત્ન અને સહકાર સાથે પુનઃ ઉભરી રહ્યું છે.અફઘાનિસ્તાનમાં પુનરુત્થાન દ્રઢતાથી આગળ ચાલી રહ્યું છે. ૩૦૦,૦૦૦થી વધુ દ્રઢ અફઘાન ખેડૂતો એક વાર ફરીથી ગર્વથી પોતાના વારસાના માલિક બની રહ્યાં છે. એક સમયે પ્રાંત અને દુનિયામાં ’મધ્ય એશિયાના બાગ’ તરીકે જાણીતું અફઘાનિસ્તાન હજુ પણ ફરીથી ભારત અને વિશ્વને તેના સ્વાદિષ્ટ અને પ્રાકૃતિક સ્વાસ્થ્યપ્રદ ફળો, સૂકા મેવાઓ અને મસાલાઓ રજૂ કરવા તરફ જોઈ રહ્યું છે. અફઘાનિસ્તાનમાં ઉત્પાદન પુનઃપ્રાપ્ત કરવા સાથે આ દેશ હવે તેની ઐતિહાસિક બહુમૂલ્ય દ્રાક્ષ, સફરજન, દાડમ, જરદાળુ, મેવાઓ અને કેસરને વહેંચવા માટે તૈયાર અને દ્રઢનિશ્ચયી છે, કે જેના એક સમયે કવિ રૂમી દ્વારા વખાણ કરવામાં આવ્યાં હતા, તો હવે તમે પણ પ્રકૃતિની શ્રેષ્ઠતાનો આનંદ અને ભવ્યતાનો અનુભવ કરી શકો છે.

અફઘાનિસ્તાન પુનઃઉભરી રહ્યું છે ત્યારે તે તાજેતરના પડકારોનો સામે લડી અને તેના ફળો, મેવા, અને મસાલાના બગીચા ફરીથી શરૂ કરવામાં આવ્યાં છે, રાસાયણ વપરાશ રહિત શુદ્ધ.! ભારતીય ગ્રાહકોને તમામ પ્રાકૃતિક, શુદ્ધ અને સ્વાદિષ્ટ ઉત્પાદનોના લાભ પ્રાપ્ત છે.” નસીર એહમદ દુર્રાની.

## ડીપી વર્લ્ડ મુંદ્રાને ગેટવે એવોર્ડસ ખાતે કન્ટેઈનર ટર્મિનલ ઓફ ધ યર સાથે સન્માનિત કરાયું



મુંદ્રા

ડીપી વર્લ્ડ સંચાલિત મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેઈનર ટર્મિનલ (એમઆઈસીટી)ને ધ ગેટવે એવોર્ડસ ખાતે કન્ટેઈનર ટર્મિનલ ઓપરેટર ઓફ ધ યરથી નવાજવામાં આવ્યું છે. ટર્મિનલને વર્ષ ૨૦૧૭-૧૮માં અનન્ય કામગીરી અને સંચાલન ઉત્કૃષ્ટતા માટે આ સન્માન આપવામાં આવ્યું છે.આ એવોર્ડ ડીપી વર્લ્ડ મુંદ્રાના સીઈઓ શ્રી સુજિત સિંહે સ્વીકાર્યો હતો. ધ લલિત હોટેલ, મુંબઈ ખાતે ૭મી સપ્ટેમ્બરે આયોજિત એવોર્ડ સમારંભમાં ઉદ્યોગપતિ આગેવાનોની હાજરીમાં આ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ધ ગેટવે એવોર્ડસે અમને આ સન્માન આપ્યું તે બદલ અમને વિશેષાધિકારની લાગણી થાય છે. એમઆઈસીટીમાં અમે જહાજોના ઝડપી ટર્નઅરાઉન્ડની ખાતરી રાખવા માટે અમારી સંચાલન કાર્યક્ષમતા વધારવા માટે સતત પ્રયાસ કરીએ છીએ. અમે કાર્ગોનો પ્રવાસ વિશ્વસનીય અને આસાનીથી થાય તે માટે ટર્મિનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવી ટેકનોલોજીમાં સતત પરિવહન કરીએ છીએ, જેને લીધે અમારા ગ્રાહકોની પ્રોડક્ટો બજારમાં ઝડપથી પહોંચે છે અને તેથી પરિવહનનો ખર્ચ ઓછો થાય છે અને પુરવઠા શૃંખલામાં અસરકારકતામાં પણ સુધારણા થઈ શકે.

## "ન્યુક્લિયર એનર્જી’પર ક્વિઝ સ્પર્ધા



અમદાવાદ

ઊર્જાના મહત્વ અંગે જાગૃતિ પેદા કરવા અને પરમાણુ ઊર્જા સંબંધિત ગેરસમજો દૂર કરવા રાષ્ટ્રીય સ્તરે યોજાતા અભિયાનના એક ભાગ તરીકે ઓમ શાંતિ હાયર સેકન્ડરી સ્કુલ, આઝાદનગર પાછળ, રેવાભાઈ રોડ, સી.ટી.એમ. અમદાવાદ ગુજરાત ખાતે બાળકો માટે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. ક્વિઝ સ્પર્ધાનો વિષય ‘‘ન્યુક્લિયર એનર્જી’’ હતો અને તે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ભારત સરકારનું ઉપક્રમ) વતી આયોજીત કરાઈ હતી.આ સ્પર્ધામાં ૩૧૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વિદ્યાર્થીઓની કામગીરીનો નિર્ણય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ.

વિજેતા વિદ્યાર્થીઓના નામ આ મુજબ છેઃવિજેતા- ૧ : જતિન મૌર્ય - ધો.૭ વિજેતા-૨ ઃભારતી ગ્વાલરે -ધો.૬બાળકોની અભિવ્યક્તિ એ તેમની સજર્નાત્મકતાનો એક સંકેત છે. બાળકોએ ખુબ જ સુંદર રીતે ઊર્જાનું મહત્વ રજુ કર્યું હતુ અને પરમાણુ ઊર્જા વીજળી ઉત્પાદન કેવી રીતે પર્યાવરણ માટે નુકશાનકારક નથી તે પણ દર્શાવેલ. તેમણે પણ વિજેતા બાળકોને ઈનામો આપ્યા હતાં. આ પ્રસંગે નિર્ણાયકોએ ભાગ લેનારા બાળકોના કાર્યની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે આનાથી બાળકોમાં વિજ્ઞાન અને ઊર્જા અંગેની જાગૃતિ વધશે.પરમાણુ ઊર્જા અંગે જાગૃતિ પેદા કરવા માહિતીપ્રદ સામગ્રી વિજેતા બાળકો, શાળાના શિક્ષકો અને આચાર્યને વહેંચવામાં આવી હતી.આ પ્રસંગે પરમાણુ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ગ્રામજનોને પ્રેરિત કરતી કાલ્પનિક પાત્ર પર આધારિત બુધિયા ચિત્ર વાર્તા(કોમિક્સ) વિદ્યાર્થીઓ વચ્ચે વહેંચવામાં આવેલ. આ પાત્ર શ્રી અમૃતેશ શ્રીવાસ્તવ, મીડિયા મેનેજર, એનપીસીઆઈએલ દ્વારા બનાવવામાં આવ્યું છે. આ કાર્યએ તેની સાદગી અને અસરકારકતા માટે ઘણા પુરસ્કારો જીત્યા છે. એ જ પાત્ર પરની ખાસ ત્રણ ભાગની એનિમેટેડ ફિલ્મ પણ પ્રદર્શિત કરવામાં આવી હતી.સ્વચ્છ ઊર્જા અંગે જાગૃતિ પેદા કરવાના હેતુસર આવા ઘણા કાર્યક્રમો દેશના ઘણા રાજ્યોમાં યોજાય છે અને તેનાથી લોકોમાં પરમાણુ ઊર્જા વિશે રહેલી ખોટી માન્યતાઓ પણ દૂર થાય છે.

## ઓનર કંપનીનો રૂ.૬૯૯૯નો Honor 7S લોન્ચ થયો



હુવાઈની સબ-બ્રાન્ડ ઓનર દ્વારા આજે તેની સૌથી વધુ ફિચર ધરાવતા અફોર્ડેબલ સ્માર્ટફોન Honor 7S નું જેનું મૂલ્ય રૂ.૬૯૯૯ છે તેનું ક્રિયેટિવ લોન્ચિંગ વિડિયો મારફતે તેના બ્રાન્ડ યુટ્યુબ પેજ રૅજ:// www. youtube. com/ watch ?v=7-RIOL9IK78 લોન્ચિંગ કર્યું હતું. Honor 7S ના લોન્ચિંગ હુવાઈ ઈન્ડિયાના કન્ઝ્યુમર બિઝનેસ ગ્રૂપના સેલ્સ વાઈસ પ્રેસિડેન્ટ શ્રીમાન પી. સંજીવ અને ફ્લિપકાર્ડના મોબાઈલ અને લાર્જ એપ્લાયન્સિસના વાઈસ પ્રેસિડેન્ટ શ્રીમાન અજય વીર યાવદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્માર્ટફોન ત્રણ કલર વેરિયન્ટ્સ ગોલ્ડ, બ્લુ અને બ્લેકમાં ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજથી ફ્લિપકાર્ટ ઉપર એક્સક્લુઝિવલી ઉપલબ્ધ થશે.’’ઓનર આ પ્રોડક્ટ મારફતે પ્રોડક્ટ ઈનોવેશન અને ગ્રાહક કેન્દ્રિત નવી ઊંચાઈઓ સર કરવા માટે પ્રતિબદ્ધ છે. ઓનરે હંમેશા અફોર્ડેબલ પ્રાઈસે યુઝર્સ ફ્રેન્ડલી ફોન બનાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે અને ઓછી પ્રાઈસે અવરોધ વગર સ્માર્ટફોનનો અનુભવ આપીને અમારા કસ્ટમર્સના જીવન અને જરૂરિયાતોને સરળ બનાવી રહી છે. અમે અમારા બજેટ સેગમેન્ટ સ્માર્ટફોન રેન્જમાં નવા ૐર્હ૭જી ને પ્રસ્તૃત કરતી વખતે અંત્યંત આનંદ અનુભવી રહ્યાં છીએ.’’ ‘ અમે ફ્લિપકાર્ટ ઉપર ભારતમાં નવા Honor 7Sના એક્સક્લુઝિવ લોન્ચિંગની જાહેરાત માટે ઘણા જ ઉત્સાહિત થઈ છે. આ ભાગીદારની સાથે અમે ગ્રેટ વેલ્યૂ અને આ પ્રાઈસ પોઈન્ટે એક યુનિક સ્માર્ટફોનનો અનુભવ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવીને બજેટ સેગમેન્ટમાં એક મજબૂત પોર્ટફોલિયોનું નિર્માણ જારી રાખ્યું છે. અમને વિશ્વાસ છે કે નવા Honor 7S અમારા ગ્રાહકોને આકર્ષવામાં સફળ રહેશે.

## હીરા મોટોકોર્પે તેની નવી પ્રીમિયમ મોટરસાઈકલ ‘ધ એક્સ્ટ્રીમ ૨૦૦ આર’ અમદાવાદ માં લોન્ચ કરી



અમદાવાદ

દુનિયાની સૌથી વિશાળ એકલ ટુ-વ્હીલર ઉત્પાદક હીરા મોટોકોર્પ લિ.એ આજે અમદાવાદમાં તેની નવી પ્રીમિયમ મોટરસાઈકલ એક્સ્ટ્રીમ ૨૦૦આર (એક્સ્ટ્રીમ ૨૦૦ આર) લોન્ચ કરી હતી. એક્સ્ટ્રીમ ૨૦૦આરની કિંમત રૂ. ૮૯,૯૦૦ છે અને તે અમદાવાદમાં હીરો મોટોકોર્પ ડીલરશિપ્સ ખાતે વેચાણ માટે ઉપલબ્ધ છે.બજારમાં ટેકનોલોજીની દષ્ટિથી ઉત્કૃષ્ટ અને યુવાપૂર્ણ પ્રોડક્ટો લાવવાની વચનબદ્ધ સાથે કંપનીએ એક્સ્ટ્રીમ ૨૦૦આર લોન્ચ કરી છે, જે આ વર્ષે લોન્ચ કરવાનું નિર્ધારિત છે તે હીરોની પ્રીમિયમ મોટરસાઈકલ્સની નવી શ્રેણીમાં અવ્વલ છે.આ બાઈકની સવારીનો રોમાંચ પૂરો પાડવા માટે એક્સ્ટ્રીમ ૨૦૦આર એન્ટી- લોક બ્રેક સિસ્ટમ (એબીએસ) સાથે સુરક્ષા પર કેન્દ્રિત છે, જેથી સ્ટાન્ડર્ડ સેફ્ટી ફીચર તરીકે એબીએસ આપનાર તેની શ્રેણીમાં પ્રથમ મોટરસાઈકલ બની છે.પ્રીમિયમ અવકાશમના કેન્દ્રબિંદુમાં વ્યૂહાત્મક રીતે સ્થિત એક્સ્ટ્રીમ ૨૦૦ઈ પ્રીમિયમ ફીચર્સની શ્રેણી સાથે ઉપયોગી અસલ દુનિયાનો પરફોર્મન્સ પ્રદાન કરે છે, જેથી ગ્રાહકોની અત્યંત વૈવિધ્યપૂર્ણ અને વ્યાપક શ્રેણીને હૃદયસ્પર્શી એકંદર પેકેજ આપે છે. મસ્ક્યુલર અને આક્રમક સ્ટાઈલિંગ સાથે નવી એક્સ્ટ્રીમ ૨૦૦આર રસ્તા પર અનોખી તરી આવે છે. બીએસ-૪ અભિમુખ ૨૦૦ સીસી એર- કૂલ્ડ એન્જિન દ્વારા પાવર્ડ મોટરસાઈકલ મજબૂત ટેક્નોલોજી અને પરફેક્ટ રાઈડિંગ અર્ગોનોમિક્સ સાથે સમૃદ્ધ છે, જેથી રાઈડરને અપવાદાત્મક પરફોર્મન્સ પ્રદાન કરે છે.

## નિશાંત સિંઘ મલકાણીના કિચનમાં શું બની રહ્યું છે?



જીવનમાં આપણે ઘણી વખત કેટલાક એવા લોકોને મળીએ છીએ જે આપણેને ‘તુમસે ના હો પાયેંગા’ કહીને નિરાશ કરે છે. ઝી ટીવીનો આગામી કાલ્પનિક ઓફર, ગુડ્ડન તુમસે ના હો પાયેગામાં એ પણ નકારો કરનારાઓની સામે પ્રોત્સાહિત કરીને “હા હું કરી શકીશ!” એવું દર્શકોને બતાવવામાં આવશે. આ શોના મુખ્ય પુરુષ પાત્ર અક્ષત જિંદાલ (નિશાંત સિંઘ મલકાણી દ્વારા પાત્ર નિભાવવામમાં આવે છે) તેમને પણ ‘તુમસે ના હો પાયેગા ચેલેન્જ’ને સ્વિકારી છે અને કંઈક નવું કરવા તેમના સરળ ઝોનમાંથી બહાર આવવાનો પ્રયત્ન કર્યો છે. નિશાંત તેની આવડતને વધુ નિખારી રહ્યા છે અને તેના રીલ પાત્રને વધુ સારી રીતે નિભાવવા માટે રાંધણકળા શિખી રહ્યા છે. શોમાં તે એક રસોયાનું પાત્ર નિભાવી રહ્યા છે અને તેનું પાત્ર વધુ વાસ્તવિક લાગે એ માટે તે પ્રયત્ન કરી રહ્યા છે.તેને વધુમાં ઉમેર્યું કે, “હવે, પરિસ્થિતિ એવી છે કે, ઘણી વખત રસોયો હાજર ન હોય તો, હું યુટ્યુબ જોઈને રસોઈ શિખું છું. મને એવું લાગે છે કે, રસોઈ એ તનાવ દૂર કરવાનો સૌથી સારો વિકલ્પ છે અને તેનાથી અત્યંત ખુશી અને સંતોષ મળે છે. એટલું જ નહી, તેનાથી હું મારા સ્ક્રીન પર મારા પાત્રને વધુ સરળતાથી નિભાવી શક્યો છું. અને, હવે, હું ગર્વથી કહી શકું છું કે, “નિશાંત તુમસે હો પાયેગા”સારું, આપણે પણ આ સુંદર અભિનેતા દ્વારા તૈયાર કરેલી સ્વાદિષ્ટ ડીશનો સ્વાદ ચાખવા રાહ નહી જોઈ શકીએ.જોતા રહો ગુડ્ડન... તુમસે ના હો પાયેગા, દર સોમવારથી શુક્રવાર, સાંજે ૮ વાગ્યે ફક્ત ઝી ટીવી પર.

## રો પ્રેસરી- આ ફેસ્ટિવ સીઝનમાં ખોરાકને તમારી દવા બનાવો



ટૂ ડ્રિન્ક ઈઝ અ નેસેસિટી, બટ તો ડ્રિન્ક ઈસ એન આર્ટ. રો પ્રેસરી આ તહેવારોની સીઝનને બદામના દૂધના ઉત્પાદનોની આકર્ષક શ્રેણી સાથે આવકારે છે કે જેથી જંકના ભારને સંતુલિત કરવામાં મદદ કરી શકે જે આ મોસમમાં લૂપ્ત થઈ જશે. ઉત્સવ અને ખુશી સાથે આ સીઝનમાં ઉત્સવને બમણું કરવાં માટે સવસ્થ વિકલ્પ પસંદ કરે છે.એવું કહેવાય છે કે, લેટ ફૂડ બી ધ ધાય મેડિસિન એન્ડ લેટ મેડિસિન બી ધાય ફૂડ, નટ મિલ્ક તંદુરસ્ત જીવન માટેનો શ્રેષ્ઠ વિકલ્પ છે.આ વેગન્સ અને લેક્ટોસ ઈન્ટોલરન્ટ લોકો માટે પણ અદભુત વિકલ્પ છે. કોઈપણ પ્રિઝર્વેટિવ્સ, રંગ, રસાયણો અથવા ખાંડ ઉમેર્યા વગરનું રો પ્રેસરી નટ મિલ્ક કલેક્શન એક તંદુરસ્ત દિવસની શરૂઆત કરવા માટે મદદ કરે છે.

## અચ્છે દિન

ઉત્પાદન વૃધ્ધિના મોહક ચળકાટે ભારતવાસીઓને એવા તો આંજી દીધા છે કે જાણે દ્રષ્ટી જ બદલાઈ ગઈ છે. લાખો માણસો જે કામ મહીનાઓમાં કરતા તે યંત્રો દ્વારા દિવસોમાં થવા લાગ્યું. કેટલાક ભારતવાસીઓની પ્રજાહીત અને સંસ્કૃતિની પીપુડીને ‘ડેવલોપમેન્ટ નવસર્જન અને વિકાસ’ ના બ્યુગલ સાઉન્ડથી દાબી દેવાઈ. હિંસા અને શોષણના પાયા ઉપર સ્થપાયેલું વિદેશી માળખું દેશની પ્રજા ઉપર જેમ જેમ લાગુ થતું ગયું તેમ તેમ આર્ય પ્રજાનું ગ્રામ્ય અર્થતંત્ર તુટતું ગયું.

શરીરના શ્રમથી ઘસાતા તેજસ્વી હસ્ત કલાકારોનો વારસો યંત્રવાદે ઝુંટવી લીધો. વેપાર વાણિજ્ય હુન્નર કૌશલ્યમાં શ્રેષ્ઠ કક્ષાની માનવસંપદા ધરાવતી આ ધરતી હવે રહી સહી તેમની વિદ્યાનો કલાનો ઉપયોગ કરવાની યોજના નહીં ઘડાયા તો બહેતર જીવન ઘડતર માટે ઝઝુમતા આ કારીગરોનું જીવન યાતનામય બનશે. ગામડાઓમાં ખાટલા ભરવાવાળા, નળીયાં સંચવવાળા , ઘાસ કડબની ગંજી બનાવવાવાળા, ઘી તેલ, તાંબા, પિત્તળ, કાંસાના, માટીનાં વાસણો તૈયાર કરનારા, ખાંડ, ગોળ તથા ઘરગથ્થુ ચીજવસ્તુઓ દેશી પદ્ધતિ પ્રમાણે ગામડે ગામડે ઉત્પાદન કરનારા ગ્રામ્ય કારીગરોની રોજી છીનવાઈ ગઈ છે.આધુનિક વિકાસ એટલે માનવનું યાંત્રિકીકરણ, આ યંત્રવાદે પ્રજાના હીત માટે કુદરતે સર્જેલી કેટલીક કુદરતી સંપત્તિઓનો નાશ કરી નાખ્યો છે. રોજનું અબજો લીટર પાણી ઉદ્યોગોને ફાળવવામાં આવે છે અને બદલામાં છુટતું રોજનું અબજો લીટર પ્રદુષીત પાણી કયાંક દરીયાભેગું કે નદી ભેગું થઈ રોજ પાણીનેય દુષિત બનાવી દે છે. આમ જીવનના આધારભુત એવા પાણી ઉપરાંત ફળદ્રુપ જમીન, પશુ અને જંગલોનો વિનાશ કરે છે. મોટા ભાગના માનવ સમુહને પરાપણલંબી અને લાચાર બનાવે છે. ભુખ, અપોષણ અને અનેક પ્રકારના રોગોનો ભોગ બનાવી યાતનામય મૃત્યુ તરફ ધકેલે છે. માટે આજના આ યંત્રવાદને ફગાવી દઈ ઋષિમુનિઓએ બતાવેલ સુરક્ષિત અહિંસક જીવનશૈલી અને તેમાં સમાવેશ પામતી માનવ તથા પશુ આધારીત ઉત્પાદન વ્યવસ્થા અપનાવી અગણિત નુકશાનો કરનાર પશ્ચિમી ઢબના ઉદ્યોગો જેટલી ઝડપથી દેશનિકાલ થશે તેટલી ઝડપથી સુખ શાંતિનો અનુભવ કરી શકાશે.‘અચ્છે દિન’ માટે આ વિષયકને ભેદી વિકેન્દ્રીત અર્થવ્યવસ્થા અને વિનિમય પ્રથાને બીજરૂપે પણ ચાલુ કરી ‘કવીટ ઈન્ડીયા’ ની જેમ ‘કવીટ પશ્ચિમી ઉદ્યોગીકરણ’નો નાદ ગું-જવવો પડશે.**-સેવંતી મ.સંઘવી (મુંબઈ)**

### આત્મચિંતન

## જે દિપકની જેમ બળવા માટે તૈયાર હોય

પડેલા ઉઠવવો, પાછળ છે તેમને આગળ વધારવા, ભુલેલાને સાચો માર્ગ બતાવવો અને જે અશાંત હોય તેને શાંતિદાયક સ્થાન પર પહોંચાડવો. તે વાસ્તવમાં ઈશ્વરની સેવા જ છે. જયારે આપણે દુઃખી અને દરીદ્રને દેખીને વ્યથિત થઈએ છીએ અને મલીનતાને સ્વચ્છતામાં બદલવા માટે વધીએ છીએ તો સમજવું જોઈએ કે તે કૃત્ય ઈશ્વર માટે, તેની પ્રસન્નતા માટે જ કરવામાં આવે છે બીજાની સેવા સહાયતા પોતાની જ સેવા સહાયતા છે.પ્રાર્થના તેમની જ સાર્થક છે જે આત્માને પરમાત્મામાં એકાકાર કરવામાં વ્યાકુળ હોય જે પોતાને પરમાત્મા જેવો મહાન બનાવવા માટે તડપતો હોય, જે પ્રભુને જીવનના કણ કણમાં ભેળવવા માટે બેચેન હોય જે તેનો થઈને જ જીવવા ઈચ્છતો હોય, તેને જ ભકત કહેવો જોઈએ. બીજા તો વિદુષક છે. લેવા માટે કરવામાં આવેલ ભજન વાસ્તવમાં પ્રભુના પ્રેમનો નિર્મમ ઉપહાસ છે. ભક્તિમાં તો આત્મસમર્પણથી વધારે બીજું કાંઈ હોતું નથી. ત્યાં આપવાની જ વાત સુઝે છે, લેવાની ઈચ્છા જ કયાં રહે છે ?ઈશ્વરનો વિશ્વાસ, સત્કર્મોની કસોટી પર જ પરખી શકાય છે. જે ભગવાન પર વિશ્વાસ કરશે તે તેના વિધાન અને નિર્દેશને પણ અંગીકાર કરશે. ભક્તિ અને અવજ્ઞાનો તાલમેળ કયાં બેસે છે ? આપણે પોતાની જાતને પ્રેમ કરીએ જેથી ઈશ્વરથી પ્રેમ કરી શકવા યોગ્ય બની શકીએ.

**- ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

## પોસ્ટ્લ પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે પાલનપુર ખાતે પેન્શન અદાલત યોજાશે

પાલનપુર

અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા ડિવીઝન પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અધિક્ષકશ્રી ડાકઘર બનાસકાંઠા ડિવીઝન, પાલનપુર ખાતે તા.૧૮-૦૯-૨૦૧૮, મંગળવારના રોજ ૧૫-૦૦ કલાકે પેન્શ ન અદાલતનું આયોજન કરવામાં આવ્યુંછે. આ અદાલતમાં નીતિ વિષયક મુદ્દા સિવાયની પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સંબંધીત ફરીયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. પેન્શનને લગતી ફરીયાદો એચ.સી. જોશી, અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા ડિવીઝન, પાલનપુર-૩૮૫ ૦૦૧ ને મોડામાં મોડી તા.૧૦-૦૯-૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે મોકલવા જણાવાયું છે. નિર્ધારીત સમયમર્યાદા બાદ મળેલ ફરીયાદો ધ્યાનમાં લેવામાં આવશે નહી. ફરીયાદ સ્પષ્ટ અને મુદ્દાસર હોવી જરૂરી છે. નીતિ વિષયક આધારીત મુદ્દાઓની સુનાવણી હાથ ઉપર લેવામાં આવશે નહીં તેમ અખબારી યાદીમાં જણાવાયું છે.

## ભદ્રેવાડી પ્રાથમિક શાળામાં સ્વચ્છતા પખવાડીયાની ઉજવણી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

રાજય સરકારના તારીખ ૧ લી સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી સ્વચ્છતાં પખવાડીયાની ઉજવણી કરવાના આદેશ અનુસાર ગઈકાલે તારીખ ૮/૯/૨૦૧૮ ના રોજ કાંકરેજ તાલુકાના ભદ્રેવાડી પ્રાથમિક શાળામાં "વ્યકિતગત સ્વચ્છતાં દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી.એમ.એચ.આર.ડી પ્રેરીત સમગ્ર ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં તા.૧ લી સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધી સ્વચ્છતાં પખવાડીયાની ઉજવણી કરવાની હોવાથી ભારત સરકાર પૂજય ગાંધી બાપુની ૧૫૦ જન્મજયંતી સંદર્ભે સ્વચ્છતાં પર ભાર મુકી રહી છે.ત્યારે આ સંસ્કારી કાર્યમાં કાર્યક્રમની રુપરેખા મુજબ આજે શાળાના આચાર્ય ગોપાલભાઇ જોષી દ્વારા બાળકોને વ્યકિતગત સફાઇના મહત્વ વિશે સમજ આપેલ.મેહુલ સુથાર નામના વિધાર્થી દ્વારા સ્વચ્છતાં વિશે વકતવ્ય આપવામાં આવ્યુ હતુ.નાની-નાની બાલિકાઓએ સુંદર અભિનય ગીત દ્વારા સ્વચ્છતાંનો સંદેશ આપેલ આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફ મિત્રોએ પણ પોતપોતાના વર્ગમાં વ્યકિતગત સફાઇ અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

## લવાણા પે.કેન્દ્ર શાળા માં શાળા સ્ટાફ પરિવાર દ્વારા તિથિ ભોજન અપાયું


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

શ્રવણ માસ એટલે શિવજી ની આરાધના સાથે સાથે દાન પુણ્ય કરી પુણ્ય નું ભાથું બાંધવાનો મહિમા શ્રવણ માસ માં લોકો પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતા નાના ભૂલકાઓ ને તિથિ ભોજન આપી પુણ્ય મેળવતા હોય છે જયારે ગત રોજ લાખણી તાલુકા ના લવાણા ગામે આવેલ લવાણા પે કેન્દ્ર શાળા ના ૪૫૦ જેટલા બાળકો ને શ્રવણ માસ નિમિતે શાળા સ્ટાફ પરિવાર તરફથી મીઠાઈ પૂરીસાક અને દાળ ભાત નું સુંદર તિથિ ભોજન આપાયું હતું આ પ્રસંગે લવાણા પે કેન્દ્ર સાળા ના પ્રિન્સિપાલ દસરથસિંહ રાજપૂત એમ ડી એમ સંચાલક વિષ્ણુભાઈ બારોટ સહિત સાળા સ્ટાફ પરિવાર અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## બાપલા પ્રાથમિક શાળામાં બાળકોને સ્વરુચિ ભોજન અપાયું



પ્રતિનિધિ બાપલા

ધાનેરા તાલુકાનાં બાપલા પ્રાથમિક શાળામાં આજરોજ ભુતપૂર્વ આચાર્ય મનરાભાઈ સોલંકીના પુત્ર પ્રકાશભાઈ દ્વારા સ્વરૂચી ભોજન આપવમાં આવ્યું હતું. જેમાં બાપલા પ્રાથમિક શાળાના લગભગ ૪૫૦ કરતાં વધુ બાળકોએ ભોજનમાં સીરો, મગ, દાળ, ભાત પિરસવમાં આવ્યા હતાં. જે શાળાના બાળકોએ લાભ લીધો હતો તેમજ બાપલા પેટા શાળાના શિક્ષકો પણ ભોજન પ્રસાદીનો લાભ લિધેલ હતો. બાપલા પ્રાથમિક શાળાના ભૂતપૂર્વ વિધાર્થી અને ભોજન દાતા પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે મને મારી બાળપણની શાળા યાદ આવતા મેં પણ કોઈક દિવસ આજ શાળામાં આવા ભોજનનો લાભ લીધેલ.

## વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ડીસાની શ્રી કે.બી. અગ્રવાલ હાઈસ્કૂલ જિલ્લા કક્ષાએ પસંદગી



ડીસા

જી.સી.ઈ. આર.ટી., ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર અને જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા આયોજિત મહર્ષિ કણાદ શાળા વિકાસ સંકુલ કક્ષાનું વિજ્ઞાન-ગણિત પ્રદર્શન તા. ૦૬/૦૯/૨૦૧૮ ના રોજ ડી.જે.એન.મહેતા હાઈસ્કૂલ જુનાડીસા ખાતે યોજાયેલ જેમાં ડીસાની શ્રી કે.બી.અગ્રવાલ હાઈસ્કૂલ અંગ્રજી મધ્યમની વિભાગ-૧ અને વિભાગ-૫ ની બંને કૃતિઓ તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ.આ બંને કૃતિને તૈયાર કરાવનાર અંગ્રેજી માધ્યમના વિજ્ઞાનના શિક્ષકશ્રી સોનુભાઈ આર. સોની તથા વિદ્યાર્થીઓને શાળાના નિયામકશ્રી નટુભાઈ એમ. વ્યાસ તથા શાળાના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના આચાર્ય સત્તારભાઈ શૈખ અને બકુલભાઈ એફ. પરમારે તેમને અભિનંદન પાઠવેલ.

## વડોદરામાં અટલાદરા બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન


મનીષ જોશી

વડોદરામાં અટલાદરા બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. સેવાકેન્દ્રના સંચાલિકા બ્ર.કુ. અરુણાદીદીએ આધ્યાત્મિક રહસ્ય સમજાવ્યું હતુ. કાર્યક્રમના મંચ પર મુખ્ય અતિથિઓ સાથે બ્ર.કુ. અરુણાદીદી અને સહ સંચાલિકા બ્ર.કુ. પૂનમ દીદી દીપ પ્રજવલન કરતા નજરે પડે છે.

## પિલુચા નિલકંઠ મહાદેવમાં શ્રાવણ માસની અમાસે યજ્ઞ યોજાયો



પ્રતિ. પિલુચા

ભારતીય સંસ્કૃતિમાં માસ, વાર, તિથિ, ગ્રહ, નક્ષત્ર થકી તહેવાર, ઉત્સવ, ઉજાણીનું આગવું મહત્વ ગણવામાં આવે છે. તેથી ગુજરાતના દરેક શિવાલયોમાં શ્રાવણ માસ દરમ્યાન ભક્તોની ભીડ જામી હતી. જેના ભાગરૂપે વડગામના પિલુચા ખાતે શ્રી નિલકંઠ મહાદેવના મંદિરે શ્રાવણ માસના શરૂઆતથી જ ભક્તોની ભીડ જોવા મળતી હોય છે. અને ભોળાનાથ દેવાધિદેવ મહાદેવની ઉપાસના, આરાધના, અભિષેકનો પ્રારંભ શ્રાવણ માસના રવિવારથી થયો અને અમાસે પણ રવિવાર થતાં ભક્તોમાં ખુશી જોવા મળી હતી.

પિલુચા નિલકંઠ મહાદેવમાં પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસથી શ્રાવણ માસના છેલ્લા દિવસ સુધી "સવા લાખ" જેટલી બિલીપત્ર ચઢાવવામાં આવ્યા અને અમાસે યજ્ઞ કરવામાં આવ્યો હતો.

## શિરવાડા પે.કેન્દ્ર શાળામાં તિથિભોજન અપાયું


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાની શિરવાડા પે.કેન્દ્ર શાળામાં ગીતાબેન કે.જોષી(સરપંચ શ્રી શિરવાડા) તથા કરશનભાઈ એસ.જોષી(કોન્ટ્રાકટર) પરિવાર તરફથી શિરવાડા પ્રા.શાળાના ૪૦૦ અને માધ્યમિક શાળાના ૧૭૦ બાળકો તથા તમામ શિક્ષકગણને તિથિભોજન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાળ- ભાત, પૂરી- શાક તથા મોહનથાળની મીઠાઈ આપી બાળકોને સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્યએ દાતાનો આભાર માન્યો હતો અને સીનીયર શિક્ષીકા રીટાબેને પ્રમાણપત્ર અર્પણ કરી દાતાને પ્રોત્સાહિત કર્યા હતા.

## પવિત્ર શ્રાવણ માસના સમાપનમાં ચિ.હં.દોશી પે કેન્દ્ર શાળા-ડીસામાં તિથિ ભોજન અપાયું



ડીસા

હિન્દુ સંસ્કૃતિમાં પવિત્ર શ્રાવણ માસનો અનેરો મહિમા છે. હિન્દુ ભક્તો શ્રાવણ માસમાં શિવ-ભક્તિ કરી અંતે પુણ્યકાર્યમાં બાળકોને જમાડી ધન્યતા અનુભવે છે.. ભૂરાભાઈ પકવાનવાળા તરફથી ચિ.હં.દોશી પે કેન્દ્રના અને જમનાબાઈ પ્રા.શાળાના કુલ ૭૦૦ ઉપરાંત બાળકોને મિષ્ઠાન સહિત તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. જરૂરિયાતમંદ વિસ્તારના બાળકો આ શાળામાં અભ્યાસ કરતા હોઈ તિથિભોજનની ખુશી તેઓના ચહેરા પર જણાઈ આવતી હતી. શાળાના આચાર્ય પ્રવિણભાઈ સાધુ અને સ્ટાફ દ્વારા ભૂરાભાઈ પકવાનવાળાને બિરદાવવામાં આવ્યા. ચંદુભાઈ એ.ટી.ડી.દ્વારા મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.

## કુડા ગામની ઘોડાવાળા પ્રા.શાળામાં બાળકોને તિથિ ભોજન અપાયું


દિનેશભાઈ કાપડી

પ્રતિનિધિ કુડા

લાખણી તાલુકાના કુડા ગામમાં આવેલી ઘોડાવાળા પ્રાથમિક શાળામાં બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું હતું. શાળાની આજુ બાજુના સ્થાનિક લોકો દ્વારા બાળકોને ભોજન આપવામાં આવ્યું હતું. જેથી બાળકોમાં અનેરી ખુશી જોવા મળી હતી. બાળકોની સાથે સાથે આજુબાજુના સ્થાનિક લોકો અને શિક્ષકોએ ભોજન પ્રસાદ લીધો હતો. ઘોડાવાળા પ્રાથમિક શાળાની આજુબાજુના લોકો બાળકો પ્રત્યે પ્રેમ રાખી, વર્ષમાં બે-ત્રણ વાર તિથિ ભોજન આપે છે. ત્યારે આ બાબતે શાળાના શિક્ષકોએ સ્થાનિક લોકોનો આભાર માન્યો હતો.

## સુરતના અટલ આશ્રમમાં કથાની પૂર્ણાહુતી


વસંત બારોટ

શ્રાવણ માસમાં અટલ આશ્રમ પારદેશ્વર મહાદેવના સાનિધ્યમાં કથાનું આયોજન કરવા આવ્યુ હતુ તેની પુર્ણાહુતિ પ્રસંગે અટલ આશ્રમનાં મહંત પુજય બટુકગિરિ મહારાજ દ્વારા રખેવાળ દૈનિક ,સુરતનાં પ્રતિનિધિ વસંત બારોટનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

## મકડાલા પ્રાથમિક શાળામાં તિથિ ભોજન અપાયું


હસમુખ ચૌધરી

પ્રતિનિધિ લવાણા

દિયોદર તાલુકાના મકડાલા ગામે આવેલ મકડાલા પ્રાથમિક શાળા વણસોરપુરા પ્રા. શાળા અને ઉદયપુરા પ્રા. શાળાના બાળકોને ગામના યુવાનો દ્વારા તિથિ ભોજન આપાયું હતું. તો તાજેતરમાં ગાંધીનગર ખાતે રહી અભ્યાસ કરતા ગામ ના યુવાન નું દુઃખદ અવસાન થયુ હતું જેને શ્રદ્ધાંજલિ પણ આપવામાં આવી હતી

દિયોદર તાલુકા ના મકડાલા ગામે આવેલ મકડાલા પ્રા શાળા ઉદયપુરા(મ) પ્રા. શાળા અને વણસોરપુરા (મ)પ્રા.શાળા માં અભ્યાસ કરતા બાળકો ને ગામના યુવાન મિત્રો દ્વારા મીઠાઈ પૂરીસાક તેમજ દાળ ભાત નું સુંદર તિથિ ભોજન આપવામાં આવ્યું હતું તો તાજેતર માં ગાંધીનગર ખાતે રહી અભ્યાસ કરતા મકડાલા ગામના યુવાન સ્વ.ચૌધરી પ્રવીણભાઈ વરધાભાઈ નું દુઃખદ આવસન થયું હતું. જેમની યાદમાં શાળા ના બાળકો પ્રાથમિક શાળા સ્ટાફ ગણ અને ઉપસ્થિત લોકોએ બે મિનિટનું મૌન પાળી સ્વ.ચૌધરી પ્રવીણના ફોટોને ફૂલ હાર કરી શ્રદ્ધાંજલિ અર્પિ હતી અને સ્વ.પ્રવીણના આત્માને શાંતિ મળે જેવી પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે ગામ માં આવેલ ત્રણે પ્રાથમિક શાળા ના પ્રિન્સિપાલ વિકટરભાઈ નિનામા હમીરભાઈ બી ગોહિલ નેમાભાઈ જે ઉમોટ સવજીભાઈ વી. ચૌધરી, ડાયાભાઈ ટી. ચૌધરી, અશોકભાઈ એસ. ચૌધરી, મુકેશભાઈ એમ. ચૌધરી, ભરતભાઇ કે. ચૌધરી, અરવિંદભાઈ એચ. ચૌધરી, દસરથભાઈ જી. ચૌધરી, નરસિંહભાઈ એચ. ચૌધરી વરધાભાઈ આર. ચૌધરી સહિત સાળા સ્ટાફ ગણ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## થરાદમાં ભુદેવોએ સામુહીક જનોઈ ધારણ કરી


વિષ્ણું દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના શ્રીજાગેશ્વર મહાદેવના મંદીરમાં ભાદરવા સુદ ચોથના રોજ થરાદના શ્રીમાળી બ્રાહ્મણ સમાજ દ્વારા દર વર્ષની જેમ સામુહીક જનોઇ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો.જેમાં બહોળી સંખ્યામાં શહેરના સામવેદી ભુદેવોએ ઊપસ્થિત રહી શાસ્ત્રી દેવશંકરભાઇના મંત્રોચ્ચાર સાથે સુર્યનારાયણની સાક્ષીએ શાસ્ત્રોક્ત વિધીથી નવી યજ્ઞોપવિત ધારણ કરી હતી.

આ પ્રસંગે દાતા દેવશંકર શાસ્ત્રી પરિવાર તરફથી ભોજનપ્રસાદ તથા પ્રવિણભાઇ શાસ્ત્રી તરફથી ભૂદેવોને વસ્ત્રાદાન આપવામાં આવ્યું હતું.

## શ્રી બી.જે.વિદ્યામંદિર પેપળુંમાં શિક્ષકદિનની ઉજવણી

નરસિંહ દેસાઈ


પ્રતિનિધિ વડાવળ

સ્વતંત્ર ભારતના પુર્વ રાષ્ટ્રપતિ, પ્રખર ચિંતક, વિચારક, તત્ત્વજ્ઞાની, ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા, ભારતરત્ન, ઉત્તમ વક્તા અને ખાસ તો આજીવન શિક્ષક અને આદર્શ શિક્ષક તરીકે આજે પણ જેમને યાદ કરાય છે એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન ૫ સપ્ટેમ્બર –'શિક્ષક દિન' તરીકે જાણીતો છે. સમગ્ર શિક્ષકગણ સમાજમાં મોભો અને પ્રતિષ્ઠા મળે, તે હેતુથી આ દિવસ ઉજવાય છે. ૫ મી સપ્ટેમ્બરના ગરિમાયુક્ત દિવસને ભારતભરમાં રાષ્ટ્રીય શિક્ષકદિન તરીકે મનાવાય છે, ત્યારે પેપળુંની મહંત શ્રી બી.જે.વિદ્યામંદિર ખાતે પણ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ સ્વયં શિક્ષકદિનના ભાગ રૂપે સમગ્ર શૈક્ષણિક કાર્યનું સંચાલન કર્યું હતું. અને આચાર્યની ભૂમિકા ધો-૧૨ની વિદ્યાર્થીની દેસાઈ શક્તિ એ ભજવી હતી. કાર્યક્રમના અંતે શિક્ષકો બનેલ વિદ્યાર્થીઓએ પોતાના દિવસભરના પ્રતિભાવો રજૂ કર્યા હતા.

## રવિયાણા શાળામાં તિથીભોજન

મહાદેવ પરમાર


રવિયાણા

કાકરેજની રવિયાણા પ્રા. શાળાના તમામ બાળકોને પૂવૅસરપંચ. ચૌધરી જેસુગભાઈ ગગાભાઈના પરિવાર તરફથી જનમાષ્ટમીના.પાવનપવૅના અનુ.મા મોહનથાળ. પૂરીશાક. દાળભાત સાથેનુ સ્વાદિષ્ટ રૂચીભોજન આપેલ આ પ્રસંગે દાનાભાઈ જે. પટેલ શિક્ષક થરાઓગડ વિધામદિર પરથીભાઈ તથા આચાયૅ શાળા પરિવાર હાજર રહેલ શાળાના આચાયૅ દવારા તિથીભોજન દાતાનો આભાર વ્યકતકરેલ.

## ધાનેરાની સૂર્યોદય શાળા ખાતે ધાનેરા તાલુકાનો ૫૧મો યુવા મહોત્સવ યોજાયો

ધાનેરા

ધાનેરા ની સર્યોદય શાળા ખાતે ધાનેરા તાલુકાના ૫૧ માં યુવા મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું .જેમાં ધાનેરા તાલુકાની ૩૦ શાળા ને ભાગ લીધો હતો.અને ૩૮૦ જેટલા સર્પરધકો એ ભાગ લઈ પોતામાં રહેલી કળા ને રજૂ કરી હતી.

ગુજરાત રાજ્ય યુવક સેવા અને સંસ્કૃતિ પ્રવૃત્તિ ઓ ગાંધીનગર ના ઉપક્રમેં અને જિલ્લા રમત ગતમ પરિષદ બનાસકાંઠા દવારા આજે ધાનેરા શહેર માં આવેલ સૂર્યોદય મધ્યમીક શાળા ખાતે યુવા પ્રતિભા શોધ સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ધાનેરા તાલુકાની માધ્યમિક તેંમજ ઉચ્ચતર માધાયમિકની કુલ ૩૦ જેટલી શાળા એ ભાગ લીધો હતો

આજે બાળકો ને પ્રોત્સાહન પૂરું પાડવા માટે ધાનેરા ધારાસભ્ય નથાભાઈ પટેલ .પૂર્વ મંત્રી હરજીવન ભાઈ પટેલ .બનાસકાંઠા જિલ્લા શિક્ષણ સમિતિ ના ચેરમેન લક્ષ્મી બેન કરેલ ધાનેરા નગર પાલિકા પ્રમુખ બળવજી બારોટ સાહિત વિવિધ શાળા ના આચાર્ય તેમજ બાળકો મોટા પ્રમાણમાં હજાર રહ્યા હતા.

દર વર્ષે યોજના આ કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓ સહિત અન્ય લોકો પણ આ સપ્રધા માં ભાગ લેતા હોય છે.

જયારે આજે ધાનેરા તાલુકાના ધાખા ગામ ના ગાયત્રી બેન પટેલ કે જેઓ ગુજરાત સરકાર ના કલાસ વન અધિકારી તરીકે ની સેવા આપે છે .તેમના માતા પિતા તેમજ સાસુ સરાનું આજે બાળકો ની હાજરી માં સન્માન કરવામાં આવ્યું હતું.

જયારે ગાયત્રી બેન પટેલ એ પણ પોતાના જીવન વિશે બાળકો ને માહિતી આપી કહું હતું કે જીવન માં સફળતા ઝલદી મળતી નથી આ સમાજ અને આ દુનિયા ને તમારા પરિણામ ની જરૂર છે.

શિક્ષક થી પોતાનો વ્યવસાય ની શરૂઆત કરનાર નાયબ નિયામક ગાયત્રી બેન એ આજે પોતાનું જીવન વાગોલ્યું હતું.

આજે બાળકો દવારા પણ એક પછી એક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા.જેમાં સમૂહ નૃત્ય.ગરબા.એકાંકી.સંગીત.ચિત્ર સપ્રધા.લોક ગીત.જેવા અનેક કાર્યકર્મ આજે યોજાયા હતા.

# રાધનપુરમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલયમાં સોમવારે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ધો.૧૧ અને ૧૨ના બત્રીસ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો,આ પ્રસંગે વિદ્યાથીઓએ શૈક્ષણિક કાર્ય કર્યું હતું.કાર્યક્રમનું સંચાલન હિનાબેન એસ.ચૌધરી અને મિત્તલબેન એમ.સાકરિયાએ સ્ટાફના સહયોગથી કર્યું હતું,શાળા પરિવારે તમામને અભિનંદન પાઠવ્યા હતા. તસ્વીર : કમલ ચક્રવર્તી

# સરસાવ ગામે ગાડીની ટક્કરથી રાહદારી વૃધ્ધાનું મોત

મહેસાણા

કડી તાલુકાના સરસાવ ગામથી પગપાળા જઈ રહેલી વૃધ્ધ મહિલાને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા ગંભીર રીતે ઘવાયેલ વૃધ્ધાનું કરૂણ મોત નિપજ્યુ હતું. આ બાબતે નંદાસણ પોલીસે ગુનો દાખલ કરી ફરાર ગાડી ચાલકની શોધખોળ આરંભી હતી.

કડી તાલુકાના સરસાવ ગામમાં રહેતા કાળીબેન કરશનજી ઠાકોર પગપાળા રોડ પરથી જઈ રહ્યા હતા ત્યારે અહીંથી પસાર થઈ રહેલી કાળા રંગની ગાડીના ચાલકે રાહદારી વૃધ્ધ મહિલાને ટક્કર મારતાં મહિલા ફંગોળાઈ ગઈ હતી અને ગંભીર ઈજાઓના કારણે તેણીનું મોત થયું હતું.

## મહેસાણા જિલ્લાના અનેક શહેરોમાં બંધની અસર

મહેસાણા

પેટ્રોલ-ડીઝલના વધતા જતા ભાવ વધારાના વિરોધમાં કોંગ્રેસ પાર્ટી તરફથી ભારત બંધના અપાયેલ એલાન મુજબ ગતરોજ મહેસાણા જિલ્લાના બંધને મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. જિલ્લાના મુખ્ય મથક મહેસાણા શહેર સહિત ઉંઝા, વિજાપુર, વિસનગર, બેચરાજી, કડી, ખેરાલુ, વડનગર, સતલાસણા વગેરે સ્થળોએ બંધની મહત્તમ અસર થઈ હતી. બંધના એલાનને સફળ બનાવવા માટે કોંગ્રસના ધારાસભ્યો, હોદેદ્દારો, કાર્યકરો માર્ગો પર ઉતરી આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં બંધની અસર જોવા મળી ન હતી. બંધના પગલે વિવિધ બજારો, દુકાનો, ઔદ્યોગિક એકમો, શૈક્ષણિક સંસ્થાઓ વગેરે બંધ રહ્યા હતા. વેપારી મથક ઉંઝા શહેરમાં સંપૂર્ણ બંધ પળાયો હતો. માર્કેટયાર્ડમાં મોટાભાગના વેપારીઓ વેપારી કામકાજથી અળખા રહ્યા હતા. દરમિયાન જિલ્લામાં મોટાભાગે એસ.ટી.બસ વ્યવહાર ચાલુ રહ્યો હતો. હાઈવે પર વાહનોની અવર જવર રાબેતા મુજબની હતી. બંધના એલાનને પગલે જિલ્લાના મુખ્ય મથક મહેસાણા અને તાલુકાના મથકો અને નગરોમાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## રાધનપુર એસ.ટી.ડેપોના ડ્રાયવરનું ભારતનગરમાં હૃદયરોગના હુમલામાં મોત

રાધનપુર



રાધનપુર એસ.ટી.ડેપોમાં છેલ્લા પંદર વર્ષથી ફરજ બજાવતા સાંતલપુરના વતની એવા હઠીસિંહ જાડેજા મંગળવારે રાધનપુર-ભારતનગર બસ લઈને કચ્છના ભારતનગર ખાતે ગયા હતા.જ્યાંથી બપોરે સવા ત્રણ વાગે ભારતનગરથી રાધનપુર આવવા માટે પોતાની બસ ભારતનગર એસ.ટી.સ્ટેન્ડ ઉપર લગાવતા હતા તે સમય દરમ્યાન એકાએક હૃદયમાં દુખાવો ઉપાડ્યો હતો,અને ઢળી પડ્યા હતા.જેથી એસ.ટી.ના કર્મચારીઓએ ભેગા મળીને તાત્કાલિક તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા,પરંતુ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.પરિવારજનોને આ બાબતની જાણ કરતા તાત્કાલિક પહોંચી ગયા હતા અને મૃતકની લાશ સાંતલપુર લાવવાની તજવીજ હાથ ધરી હતી.આ ઘટનાથી રાધનપુર એસ.ટી.તંત્રના કર્મચારીઓમાં ઘેર શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

# વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **પાંથાવાડા** | | એરંડા | ૮૮૭-૯૦૬ |
| બાજરી- ૨૭૪/- ૨૮૭.૫૦/ ૪૨ | | ગવાર | ૭૬૫-૭૮૪ |
| ઘઉ' - ૪૨૩/- ૪૨૩/ = ૦૭ | | ઘઉં | ૩૮૬-૪૩૫ |
| ગવાર - ૭૮૦/- ૭૮૦/ = ૦૮ | | બાજરી | ૨૪૦-૩૦૦ |
| રાયડો - ૭૪૬/- ૭૪૯/ = ૧૬ | | જુવાર | ૭૭૨-૮૦૦ |
| એરંડા- ૮૯૫/- ૮૯૭/ = ૨૫૦ | | **પાટણ** | |
| સરસવ- ૭૫૨/- ૭૫૨/ = ૦૧ | | જીરૂ | ૩૪૭૫-૩૫૧૬ |
| **ડીસા** | | વરી. | ૧૩૨૦-૧૩૯૧ |
| એરંડા | ૮૯૫-૯૦૪ | મેથી | ૫૭૦ |
| રાયડો | ૭૪૩-૭૪૮ | સુવા | ૮૦૦-૧૦૨૯ |
| ઘઉં | ૩૭૦-૪૩૨ | રાયડો | ૭૨૦-૭૬૦ |
| બાજરી | ૨૯૦-૩૦૦ | એરંડા | ૮૯૦-૯૦૬ |
| રાજગરો | ૧૧૦૦-૧૧૪૩ | અજમો | ૧૨૦૧ |
| **ધાનેરા** | | ઘઉં | ૩૮૪-૪૧૫ |
| ઘઉં | ૩૭૯-૪૦૪ | જુવાર | ૪૩૫-૬૦૦ |
| બાજરી | ૨૮૭-૩૧૧ | બાજરી | ૨૮૭-૩૧૬ |
| જવ | ૩૩૮ | ચીકુડી | ૧૩૩૯-૧૫૩૧ |
| ચોળા | ૭૨૧-૮૨૧ | રજકો | ૧૫૦૦-૨૪૩૧ |
| ગવાર | ૭૮૪-૭૯૬ | ગવાર | ૭૫૯-૭૭૦ |
| રાયડો | ૭૧૧-૭૬૦ | **થરાદ** | |
| એરંડા | ૮૮૮-૮૯૮ | રાયડો | ૭૫૭-૭૭૬ |
| ઈસ. | ૧૪૦૦-૧૫૦૧ | ઈસબગુલ | ૧૪૫૦-૧૬૨૧ |
| જીરૂ | ૩૫૨૮ | જીરૂ | ૨૫૦૦-૩૬૫૦ |
| સુવા | ૧૦૪૦-૧૦૫૬ | અજમો | ૧૦૦૦-૧૭૮૧ |
| ચીકુડી | ૧૫૮૧ | બાજરી | ૨૬૧-૨૯૫ |
| **થરા** | | એરંડા | ૮૯૦-૯૦૨ |
| જીરૂ | ૩૦૦૦-૩૮૦૦ | મેથી | ૫૭૬-૬૭૧ |
| એરંડા | ૮૯૦-૯૧૦ | ગવાર | ૭૨૫-૭૮૪ |
| રાયડો | ૭૦૦-૭૨૦ | **રાહ** | |
| ઘઉં | ૩૮૦-૪૧૦ | રાયડો | ૭૪૫-૭૫૫ |
| બાજરી | ૨૯૦-૩૦૫ | એરંડા | ૮૭૫-૮૮૫ |
| **સિધ્ધપુર** | | બાજરી | ૨૮૦-૩૦૦ |
| રાયડો | ૬૮૦-૭૩૭ | | |

# પોતાના પ્રશ્નોને નિવારવા મોડાસા તાલુકા તલાટી કમ મંત્રી મંડળની માંગ

મોડાસા

ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મંડળના આદેશ અનુસાર અને ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રીની તા.૨૫/૫/૧૮ના રોજ અંબાજી ખાતે મળેલી કારોબારીની સભામાં મોડાસા તાલુકા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પોતાના સળગતા પ્રશ્નો અંગે સેવાતી દુર્લક્ષતા દૂર કરી પ્રશ્નોનું નિરાકરણ લાવવા કાર્યવાહી કરવા જણાવાયું હતું. આ બાબતે તાલુકા વિકાસ અધિકારી-મોડાસાને નીચે મુજબના કાર્યક્રમો બાબતે વાકેફ કરવામાં આવ્યા છે. જેમાં ત.૧૦/૯/૧૮ ના રોજ રાજ્યભરમાં તમામ ત.ક.મંત્રી ભાઈઓ અને બહેનોએ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી હતી. તા.૧૭/૯/૧૮ ના રોજ તમામ ત.ક.મંત્રી ભાઈઓ અને બહેનો ફરજ પર હાજર રહીને પેનડાઉન કાર્યક્રમ કરશે.

તા.૨૭/૯/૧૮ ના રોજ તમામ ત.ક.મંત્રી ભાઈઓ-બહેનો સી.એલ.મુકી સ્થાનિક કક્ષાએ દેખાવો કરશે.

તા.૨/૧૦/૧૮ ના રોજ રાજ્યના તમામ ત.ક.મંત્રી ભાઈ-બહેનો ધરણાં કરશે. આ બાબતે મોડાસા તાલુકા તલાટી કમ મંત્રી મંડળે સહયોગ આપવા તાલુકા વિકાસ અધિકારી મોડાસાને વિનંતી કરી છે.

# મહેસાણા-મોઢેરા રોડ પર ટાયરો સળગાવવાના મામલે ૧૫ ના ટોળાં સામે ફરિયાદ

મહેસાણા

હાર્દિક પટેલના સમર્થનમાં સમગ્ર ઉત્તર ગુજરાતનો પાટીદાર સમાજ પ્રાર્થના અને રામધૂનના કાર્યક્રમમાં જોડાઈ રહેલ છે. ત્યારે યુવાનો દ્વારા ટાયરો સળગાવી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે, મહેસાણાના મોઢેરા રોડ પર ગત ગુરૂવારે રાત્રે ટાયરો સળગાવી વિરોધ વ્યક્ત કરાયો હતો. આ અંગે મહેસાણા શહેર સબ ડિવીજન પોલીસે પાંચ યુવકો સામે નામજોગ ૧૫ વ્યક્તિઓના ટોળા વિરૂધ્ધ જાહેર રોડને નુકશાન પહોંચાડવાનો ગુનો નોંધ્યો હતો.

મહેસાણા શહેર સહિત જિલ્લામાં હાર્દિકના સમર્થનમાં પાટીદારો દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે ત્યારે ગત ગુરૂવારે રાત્રે મહિલાઓ દ્વારા થાળી-વેલણ વગાડી સૂત્રોચ્ચાર કરવામાં આવેલ, ત્યારબાદ યુવાનો દ્વારા મોઢેરા રોડ પર ટહુકો પાર્ટી પ્લોટ આગળ ટાયરો સળગાવવામાં આવ્યા હતા.

પોલીસે જાહેર મિલકતને નુકશાન પહોંચાડવાની બાબતે કડક કાર્યવાહી કરી મહેસાણા શહેર પોલીસે મહેસાણાના મોઢેરા રોડ પર આવેલા પિન્કસીટી બંગલોઝમાં રહેતા સોહમ પટેલ તથા દેવેન પટેલ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ ચલાવી હતી.

# શંખલપુરમાં પેવર સ્ટ્રીટ પ્રોજેક્ટનું ખાતમૂહૂર્ત



ચાણસ્મા

મારૂતિ-સુઝુકી ફાઉન્ડેશન દ્વારા બહુચરાજી તાલુકાના શંખલપુર ગામને મોડેલ વિલેજ તરીકે વિકસાવવા નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત વિવિધ વિકાસકામોના ભાગરૂપે બુધવારે પેવર સ્ટ્રીટ પ્રોજેક્ટનું ખાતમૂહૂર્ત ગામના સફાઈ કામદાર ગાંડાભાઈ વાલ્મિકીના હસ્તે કરવામાં આવ્યું હતું.

પેવર રોડ પ્રોજેક્ટના ખાતમુહૂર્ત પ્રસંગે સુઝુકી ગૃપના કંવલદીપસિંહ અને રણજીતસિંહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામવિકાસ માટે ગામની સ્વચ્છતા રોડને વર્ક, સેનિટેશન અને ઘનકચરાના નિકાલની વ્યવસ્થા ખાસ જરૂર હોવાનું જણાવ્યું હતું. સરકાર અને ફાઉન્ડેશનના સહયોગથી ગ્રામવિકાસની ખાતરી આપી હતી. આ પ્રસંગે સરપંચ ભીખીબેન પટેલ, દૂધ સાગર ડેરીના માજી ચેરમેન ગાંડાલાલ, શંખલપુર ટોડા ટ્રસ્ટના ટ્રસ્ટી મોહનભાઈ દેસાઈ, નિવૃત્ત ડીડીઓ નાનુભાઈ પંડ્યા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં અગ્રણી પરેશભાઈ પટેલે ગ્રામવિકાસની ભાવિ રૂપરેખા અને પ્રોજેક્ટની વિગતો આપી હતી. અંતમાં તલાટી બકાભાઈ જોશીએ આભારવિધિ કરી હતી. મહેમાનોનું ગુલાબના પુષ્પોથી સ્વાગત કરાયું હતું.

# પાટણ જિલ્લામાં હથિયારબંધી ફરમાવાઈ

પાટણ.

આગામી તા. ૧૩.૦૯.૨૦૧૮ના રોજ સંવત્સરી તથા તા. ૨૧.૦૯.૨૦૧૮ના રોજ મહોરમના તહેવારની ઉજવણી થનાર છે. તેમજ રાજકીય સંગઠ્નો, સંસ્થાઓ દ્વારા વિવિધ કાર્યક્રમો થતા હોઈ પાટણ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે હેતુથી પાટણના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જશવંત કે. જેગોડાએ હથિયારબંધી ફરમાવી છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબ પાટણ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા. ૦૧.૦૯.૨૦૧૮ ના ૦-૦૦ કલાકથી તા. ૩૦.૦૯. ૨૦૧૮ના રોજ ૨૪-૦૦ કલાક સુધી બંને દિવસો સુધ્ધાંત નીચે મુજબના કૃત્યો કોઈપણ ઈસમને નહી કરવા ફરમાન કરાયું છે.

જે મુજબ શસ્ત્રો, તલવાર, ભાલા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવા સામે, જલ્દી સળગી ઉઠે તેવા પદાર્થો બનાવવાની કે એકઠા કરવાની કે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલો લઈ જવાનું, પથ્થર અથવા પથ્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનું કે, નનામીઓ કે પૂતળા કાઢવાનું કે, ચાળા પાડવા કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરેલ તેવા ચિત્રો તૈયાર કરવાનું પ્રદર્શિત કરવા સામે, ધાર્મિક કે સામાજિક લાગણી દૂભાય તેવા સુત્રો પોકારવા સામે, અપમાન કરવાનું કે જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અશ્લીય ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, માણસનું મડદું આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવા સામે, નીતિનો ભંગ કરે તેવું ભાષણ કરવા સામે મનાઈ ફરમાવી છે. આ હુકમ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

પોતાની ફરજ અંગે ઉપરી અધિકારીના હુકમ પ્રમાણે હથિયાર રાખવા પડતા હોય તેવા સરકારી કર્મચારીઓને, જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પાટણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, પાટણ/રાધનપુર/સમી/સિધ્ધપુર, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પાટણ, વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીઓ તથા કોઈ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશકિતના કારણે લાકડી અગર સોટી રાખવાની પરવાનગી આપી હોય તેવા ઈસમોને લાગુ પડશે નહીં.

# સરકારી આઈ.ટી.આઈ., હારીજ ખાતે વ્યવસાયલક્ષી તાલીમ મેળવવા પ્રવેશ શરૂ

પાટણ

પાટણ જિલ્લાના છેવાડાના ગામડાના યુવકો અને યુવતીઓને વ્યવસાયલક્ષી તાલીમ મળી રહે તે માટે દરેક તાલુકાઓમાં સરકારી આઈ.ટી.આઈ.ની સ્થાપના કરવામાં આવી છે.

સરકારી આઈ.ટી.આઈ., હારીજ સંસ્થામાં પ્રવેશ ભરતી સત્ર ઓગસ્ટ-૨૦૧૮માં ચોથા રાઉન્ડમાં વ્યવસાયલક્ષી તાલીમ મેળવવા ઈચ્છતા યુવક-યુવતીઓએ તા. ૧૫/૦૯/૨૦૧૮ સુધી ફોર્મ ભરવાનું રહેશે. વધુ માહિતી માટે સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરવા ઔદ્યોગિક તાલીમ સંસ્થા, હારીજના આચાર્યશ્રીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ઊંઝા એસ.ટી.ડેપોના મહિલા મેનેજરની મહેસાણા બદલી થતાં વિદાય સમારોહ યોજાયો



ઊંઝા

વેપારી મથક અને યાત્રાધામ ઊંઝા ખાતે એસ.ટી. ડેપો મેનેજર તરીકે ફરજ બજાવતા સંનિષ્ઠ મહિલા અધિકારી સોનલબેન પટેલની મહેસાણા બદલી થતાં ડેપોના કર્મચારીઓ તરફથી ડેપો ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. સમારંભના અધ્યક્ષ મહેસાણા એસ.ટી. વિભાગીય નિયામક વાય.કે. પટેલ અતિથિ વિશેષ વિભાગીય પરિવહન અધિકારી વી.એસ. ચૌધરી ઊંઝા તાલુકા વિકાસ અધિકારી ડૉ.રાજેશ પટેલ સ્થાનિક પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.વાળંદ, સુરક્ષા અધિકારી એસ.એન. પટેલ વગેરેએ ડેપો મેનેજરની નોંધપાત્ર સેવાઓ તેમજ અધિકારીઓ, કામદારો સાથેના સુમેળભર્યા સંબંધોને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત નવા નિમાયેલા ડેપો મેનેજર પ્રકાશભાઈ ગૌસ્વામીને આવકારવામાં આવ્યા હતો.

આ પ્રસંગે ડેપોના એ.ટી. આઈ નાથુભાઈ ચૌધરી, રામજીભાઈ ચૌધરી વર્કશોપના જલ્પેશભાઈ માન્ય યુનિયનોના પ્રતિનિધિઓ શીવરામભાઈ ચૌધરી, જશુભાઈ પટેલ, દશરથભાઈ ચૌધરી સહિત ડેપોના કામદારો, આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના સાકરીયા હનુમાન મંદિર પાસેથી પ્રાચીન અવશેષ મળ્યા

મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલા સાકરીયા ભીડ ભંજન હનુમાનજી મંદિર પરિસરમાં ઓટલાના ખોદકામ દરમિયાન પ્રાચીન અવશેષ મળી આવ્યા પ્રાથમિક તબક્કે પ્રાચીન વાવ હોવાનું આવ્યું બહાર .... મંદિર દ્વારા પુરાતત્વ વિભાગને જાણ કરાઈ.અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલા સાકરીયા ગામે વર્ષો જૂનું ભીડ ભંજન હનુમાનજી મંદિર આવેલું છે આ મંદિર પ્રત્યે વિસ્તારના લોકોમાં અતૂટ આસ્થા હોવાથી અહીં દર શનિવારે હજારો ભક્તો દર્શને ઉમટે છે જેથી અહીં આવતા ભક્તોના ધસારાને ધ્યાને રાખી મંદિર પ્રશાસન દ્વારા વ્યવસ્થાના ભાગ રૂપે આજે મંદિર પરિસરમાં ઓટલો બનાવવાનું કામ જેસીબી મશીન દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું તે દરમિયાન ખોદકામ કરતાં એકા એક જમીનમાંથી પ્રાચીન પથ્થરના અવશેષ તેમજ ઈટોથી ચણેલી દીવાલ મળી આવી હતી.ત્યારે આ અવશેષો મળતા મંદિર દ્વારા કામ રોકી દઈ તપાસ કરી જિલ્લા વહીવટી તંત્રને જાણ કરી હતી.જે આધારે મોડાસા મામલતદારે આ સ્થળે આવી તપાસ હાથ ધરી હતી જેમાં પ્રાથમિક દ્રષ્ટિએ આ અવશેષો પ્રાચીન વાવના હોવાનું જણાયું હતું .જેથી આ કામ હાલ જેતે સ્થિતિમાં અટકાવી પુરાતત્વ વિભાગને જાણ કરાઈ હતી.ત્યારે આ સાકરીયા ખાતે આવેલા આ હનુમાનજી મંદિરનો ઈતિહાસ પાંડવ કાળ સાથે પણ જોડાયેલો હોવાના પુરાવા મળ્યા છે ત્યારે પુરાતત્વ વિભાગ દ્વારા આ અવશેષોની જગ્યાએ ખોદકામ કરી જે કાંઈ પણ પ્રાચીન સ્મારક અંદર ધરબાયેલું હોય તેને બહાર કાઢવામાં આવે તેવી માંગ ગ્રામ જનો કરી રહયા છે.

# રાધનપુરના ધારાસભ્યએ બનાસ નદીમાં આડબંધ બનાવવા મુખ્યમંત્રીને રજુઆત કરી

રાધનપુર

રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને લેખિતમાં રજુઆત કરીને પાટણ જિલ્લામાંથી પસાર થતી બનાસ નદીને પુનઃજીવિત કરવા માટે થોડા-થોડા અંતરે આડબંધ બનાવવા રજુઆત કરી છે.પાટણ-બનાસકાંઠા વિસ્તાર સૂકો વિસ્તાર છે,નર્મદાની કેનાલના પાણીનો લાભ આ વિસ્તારના માત્ર પચ્ચીસ ટકા ગામોને જ મળે છે,જયારે પંચોત્તેર ટકા ગામોને નર્મદાના પાણી મળતા નથી.અને બનાસ નદીના પાણી આંતરનેસ ગામને અડીને આવેલા રણ/દરિયામાં ભળી જાય છે.આ પાણી વેડફાઈ ના જાય તે માટે જો આડબંધ બનાવવામાં આવે તો નદીના પાણીનો સંગ્રહ થશે અને જંમીનના તળના પાણી ઊંચા આવશે,જેથી ખેડૂતો મશીનો મૂકીને પાઈપો દવારા કાયમી ખેતી કરી શકશે.અને પ્રદેશ હરિયાળો બનશે.

ખેડૂતો અને આમઆદમીનું જીવન ધોરણ ઊંચું આવશે.અગાઉ આ વિસ્તારના સામાજિક કાર્યકર સુધીર એમ.ઠક્કરે ધારાસભ્ય અલ્પેશ ઠાકોરને આ બાબતની રજુઆત કરી હતી,જે સંદર્ભે ધારાસભ્યએ મુખ્યમંત્રીને લેખિતમાં રજુઆત કરી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં ૨૯ નવા મતદાન મથકો ઉમેરાયા

**જિલ્લામાં મતદાર યાદીના પ્રાથમિક મુસદા અનુસાર કુલ ૯,૯૭,૦૯૭ મતદારો : ૧૫ ઓક્ટોબર સુધી મતદાર યાદીમાં સુધારણા થઈ શકશે**


સતીષ ભટ્ટ

હિંમતનગર

ભારતના ચૂંટણી પંચ ધ્વારા મતદારયાદી ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચુંટણી અધિકારી ધ્વારા માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

જેમાં ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૧૯ કાર્યક્રમ અંતર્ગત ૦૧ સપ્ટેમ્બર ૨૦૧૮થી ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ સુધી રોજ લાયકાત ધરાવતા મતદારોના નામનો સમાવેશ કરવામાં આવશે, જેમાં નામ દાખલ કરવા, કમી કરવા, નામ સુધારણા પણ હાથ ધરવામાં આવશે. ઉપરાંત રાજય ચૂંટણી પંચની સુચના મુજબ મતદાન મથકોનો પુનઃગઠન કાર્યક્રમ યોજાયો હતો. તેના પગલે હિંમતનગર વિધાનસભામાં ૮, ,ખેડબ્રહ્મામાં ૧૨ તથા પ્રાંતિજમાં ૯ નવા મતદાન મથકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં નવિન બીએલઓ તેમજ સુપરવાઈઝરની નિમણૂક કરવામાં આવી છે. આ ઝુંબેશને વધુ અસરકારક બનાવવા વિવિધ કોલેજોમાં કેમ્પનું આયોજન કરી પદનામિત અધિકારીઓને નિમવામાં આવશે.

જયારે રાષ્ટ્રીય મતદાર શુધ્ધતા અભિયાન અંતર્ગત દિવ્યાંગ વ્યક્તિઓને સમાવેશ કરવા માટે ખાસ ઝુંબેશ હાથ ધરાશે જેના માટે હિંમતનગરમાં ૩૩૯, ઈડરમાં ૩૫૩, ખેડબ્રહ્મામાં ૩૨૬ અને પ્રાંતિજમાં ૩૦૫ મળી કુલ ૧૩૨૩ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે.જિલ્લા ચૂંટણી અધિકારી ધ્વારા તાલુકા અને શહેરી વિસ્તારોમાં ગ્રામ/વોર્ડ સભાઓનું આયોજન કરી તા. ૧૬ અને ૩૦ સપ્ટેમ્બર તથા ૧૪ ઓક્ટોબર ૨૦૧૮ રવિવારના રોજ યોજાનાર મતદાર સુધારણા યાદી ઝુંબેશમાં લાભ લેવા અપીલ કરવામાં આવી હતી.

# સાબરકાંઠા જિલ્લાની ડાક અને પેન્શન અદાલત યોજાશે

હિંમતનગર

ટપાલ સેવાના તેમજ પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોના નિવારણ અર્થે સાબરકાંઠા જિલ્લા પોસ્ટ વિભાગ ધ્વારા ડાક અને પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવે છે.જિલ્લાની મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બર શુક્રવારના રોજ ૧૧-૦૦ કલાકે યોજાનાર ડાક અદાલતમાં સાદી ટપાલ, રજીસ્ટર્ડ, મની ઓર્ડર, વી.પી પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ, સેવિંગ્સ બેંક,નાણાકીય ગોલમાલ તથા પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવશે. જેની લગતી ફરીયાદ હોયતો અરજદારોને તા. ૧૨/૦૯/૨૦૧૮ સુધીમાં અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા વિભાગ,હિંમતનગર-૩૮૩૦૦૧ સુધી મોકલી આપવા પોસ્ટ વિભાગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# આજથી જિલ્લાભરમાં ગણેશ મહોત્સવનો પ્રારંભ

## ગણેશજીની 'ઈકો ફ્રેન્ડલી' મૂર્તિ ખરીદવા ઘસારો

ડીસા

પ્લાસ્ટર ઓફ પેરીસમાંથી બનતી દેવ-દેવતાઓની મૂર્તિ નદી કે તળાવમાં વર્ષો સુધી ઓગળતી નથી. જેથી આસ્થાની અવદશા અને પ્રદુષણ પણ થાય છે. જેને ગંભીરતાથી લઈ જિલ્લા કલેક્ટરે આ વખતે નદી કે તળાવમાં મૂર્તિઓ ન પધરાવવાની તાકીદ કરી છે. જો કે હવે લોકોમાં સ્વયંભૂ જાગૃતિ આવતી જાય છે. તેથી ભાવિકો ઓછા પાણીમાં પણ સરળતાથી ઓગળી જતી અને ઓછા વજનવાળી 'ઈકો ફ્રેન્ડલી' મૂર્તિનો આગ્રહ રાખવા લાગ્યા છે. જેને લઈ લોકોની લાગણી અને પર્યાવરણને નજરમાં રાખી ઝેરડાના માટી કલાના કસબી કલાકાર સલ્લુભાઈ સુમરાએ પોતાની 'એકતા એન્ટરપ્રાઈઝ' નામની મીની ફેક્ટરીમાં


અનિલ શાહ

પ્રથમવાર મશીન દ્વારા ભગવાન ગણેશજીની માટીની મૂર્તિઓ બનાવી છે. આકર્ષક લાગતી આ મૂર્તિઓ ભાવિકોની પ્રથમ પસંદગી બની ગઈ છે. કારણ આ મૂર્તિઓ લોકોની આસ્થા, પર્યાવરણ જાળવણી અને સરકારના તમામ નીતિ- નિયમોનું પાલન કરે છે. તેમ છતાં તેની કિંમત પણ વ્યાજબી રખાઈ છે. તેથી ગઈકાલે ડીસામાં તેમણે લગાવેલ સ્ટોલ ઉપર મૂર્તિઓ ખરીદવા ભાવિકોનો ઘસારો જોવા મળ્યો હતો.

# આજે સંવત્સરી પર્વની ઉજવણી સાથે પર્યુષણની પૂર્ણાહૂતી

ડીસા

ત્યાગ, તપ, સંયમ - સાધના, અભય-અનુકંપા, આત્મ નિરીક્ષણ આત્મશુધ્ધિ અને આત્મોદ્ધાર આત્મ સાક્ષાત્કારનું પર્વ પર્યુષણ તેના અંતિમ ચરણમાં છે. ત્યારે પર્યુષણના સમાપન ટાંણે આજે ગુરૂવારનો જૈનો દ્વારા સંવત્સરી પર્વની ઉજવણી કરવામાં આવશે. પર્વાધિરાજ પર્યુષણનો આઠમો એટલે કે અંતિમ સંવત્સરીનો દિવસ ખૂબ જ મહત્વનો ગણાય છે. સંવત્સરી પ્રતિક્રમણાં વર્ષ દરમ્યાન જાણતા અજાણતા થયેલી નાની-મોટી ભુલ કે પાપની આલોચના કરી સર્વ જીવોની ક્ષમા મંગાશે. તેમજ ક્ષમા અપાશે. ગુરૂવારે વહેલી સવારથી જ જૈન શ્રાવક-શ્રાવિકાઓ દેરાસરોમાં દર્શનાર્થે ઉમટી પડશે અને દર્શન બાદ એકબીજાને મિચ્છામી દુક્કડં પાઠવશે તેમજ આરાધકોના પારણાં કરાવશે.

સંવત્સરીતા પાવન દિવસે જૈનો દ્વારા સૌથી મહત્વપુર્ણ બે કર્તવ્ય અદા કરવામાં આવે છે જે પૈકી એક છે બારસા સુત્રનું ગુરૂ મુખે શ્રવણ અને બીજું છે સર્વ જીવો સાથે હાર્દિક ક્ષમાપના કરવા પુર્વકનું પ્રતિક્રમણ એક વાર જે ભૂલ કે પાપની માફી મંગાઈ તે ફરીથી ન થાય તેનો સંકલ્પ કરીને તે માટેની કાળજી લેવાય છે. પરસ્પર માફી માંગવા-આપવાનો જેએનો આ વ્યવહાર મિચ્છામી દુક્કડ જૈનોમાં પણ પ્રચલિત બન્યો છે. તેથી સોશિયલ મીડીયામાં મિચ્છામી દુક્કડંનો સંદેશ વાયરલ થઈ જશે.

# ખુલ્લામાં કે ટેન્ટમાં રહેતા ઘર વિહોણા લોકોને શેલ્ટર હોમમાં આશ્રય અપાશે

## રાજ્યની આઠ મહાનગરપાલિકા અને ૩૦ નગરપાલિકમાં સર્વે કામગીરી શરૂ

ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા ખુલ્લામાં કે ટેન્ટમાં રહેતા ઘર વિહોણા લોકોને શેલ્ટર હોમમાં આશ્રય આપવા કવાયત હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશન અંતર્ગત ઘરવિહોણા લોકોનો સર્વે હાથ ધરવામાં આવનાર છે. આ મિશનમાં જોડાયેલા કાર્યકરોને તાલીમ આપવાનો વર્કશોપ બુધવારે બહુચરાજી ઉમિયા વાડીમાં શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણના ઉપક્રમે યોજાયો હતો. જેમાં રાજ્યભરના વોલન્ટિયર્સ હાજર રહ્યા હતા. પ્રથમ તબક્કે ૩૦ નગરપાલિકા અને ૮ મહાનગરપાલિકામાં સર્વે હાથ ધરાયો છે.

ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશનના સ્ટેટ પ્રોજેક્ટ મેનેજર સિદ્ધાર્થ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા જે લોકો તાડપત્રી, મીણિયું, ટેન્ટ કે ખુલ્લા આકાશ નીચે રહેતા હોય, તે જ સ્થળે



ખાતા-પીતા અને આરામ કરતા હોય તેવા નિરાધાર નિરાશ્રિત લોકો માટે શેલ્ટર હોમ તૈયાર કરવાનું આયોજન છે. પહેલા તબક્કામાં શહેરી વિસ્તારોમાં શેલ્ટર હોમ બંધાશે જેના ભાગરૂપે આવા ઘરવિહોણા લોકોનો સર્વે હાથ ધરાનાર છે. બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણના ચેરમેન નરેશભાઈ દવેએ જણાવ્યું કે, રાજ્યમાં, શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં આવા અનેક નિરાધાર અને ઘરવિહોણા લોકો છે, જેમને આશ્રય આપી પુનઃસ્થાપના કરવાનો સરકારનો આ નિર્ણય હમદર્દી ભર્યો છે, જે ખરેખર આવકારદાયક છે. આ પ્રસંગે અગ્રણી અનુસંધાન પાના નં.૬

# ગુજરાતની ચાર સેન્ટ્રલ જેલોના જૈન કેદીઓએ પર્યુષણ પર્વની ઉજવણી કરી

ડીસા

વિશ્વના ૫૦ લાખથી વધુ જૈનો સાથે ગુજરાતની (લાજપોર), સબારમતી, રાજકોટ અને વડોદરાની સેન્ટ્રલ જેલોના ૧૦૦ જેટલા જૈન કેદીઓ પણ જેલ પ્રશાસનની મંજૂરી પુર્વક પર્યુષણ પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરી રહ્યા છે. ગુજરાત રાજયના જેલ અને સુધારાત્મક વહીવટી ખાતાં દ્વારા કરૂણા ટ્રસ્ટના કાર્યકર જયેશ સધાણીને પત્ર લખીને ચાર સેન્ટ્રલ જેલોમાં પર્યુષણની આરાધના કરાવવા માટેની મંજુરી આપવામાં આવી છે.

સુરતના કરૂણા ટ્રસ્ટ દ્વારા ચાર વર્ષથી લાજપોર જૈન કેદીઓ માટે પર્યુષણની આરાધના કરાવવાનું શરૂ કરવામાં આવ્યું હતું. કરૂણા ટ્રસ્ટના યુવાન કાર્યકરો જેલના કેદીઓને બે ટાઈમનું પ્રતિક્રમણ, સ્નાત્ર મહોત્સવ, સામાયિક વિગેરે આરાધના કરાવતા હતા. જે કેદીઓ પર્યુષણ દરમિયાન એકાસણાં કે બેસણાં જેવું તપ કરવા માગતા હોય તેમના માટે ટિફિન લઈ જવાની મંજૂરી પણ જેલ પ્રશાસન દ્વારા આપવામાં આવી હતી.

લાજપોર જેલમાં એક કરૂણા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી પર્યુષણ આરાધના દરમિયાન કેદીઓ આખો દિવસ તેમની કોટડીની બહાર રહીને આરાધના માટે ફાળવવામાં આવેલા હોલમાં પોતાનો સમય વ્યતીત કરી શકે છે. પર્યુષણ દરમિયાન ભગવાન મહાવીરના જન્મ વાંચન વખતે જેલમાં સુપનના દર્શન પણ કરાવવામાં આવે છે. સુપન ઝુલાવવા માટે ઉછામણી રૂપિયામાં નહીં પણ કોઈ શુભ સંકલ્પના રૂપમા લેવડાવવામાં આવે છે. પર્યુષણની આરાધના કરવા માટે કેટલાક જૈનેતર કેદીઓને પણ યોગ્યતા મુજબ

અનુસંધાન પાના નં.૬

# લાખણીના સેકરા ગામમાં શેઢા બાબતના ઝગડામાં ચારને એક વર્ષની સજા

પ્રતિનિધિ લાખણી, વાતમ

લાખણી તાલુકાના સેકરા ગામે ૨૦૦૫ માં રબારી ઈશ્વરભાઈ ખેતાભાઈના ખેતરનો શેઢો તથા શેઢામાં ઉભેલા ઝાડ બાળી રૂ.૭૦૦ (સાતસો)નું ગામના જ ચાર લોકોએ નુકસાન કર્યું હતું. જે આરોપીઓને કોર્ટે એક વર્ષની સજા ફટકારી હતી. તેર વર્ષ પહેલાં તા. ૧૫/૭/૨૦૦૫ ના રોજ આરોપી ચેલાભાઈ મેવાભાઈ રબારી, પીરાભાઈ મેવાભાઈ રબારી, મફાભાઈ મેવાભાઈ રબારી અને કાનાભાઈ મેવાભાઈ રબારી તમામ, રહે. સેકરા એ રબારી ઈશ્વરભાઈ ખેતાભાઈના ખેતરના શેઢાની થોવરની વાડ તેમજ ઝાડ કાપી સળગાવી નાખી રૂ. સાતસોનું નુકસાન કર્યું હતું. તે બાબત આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જે કેસ લાખણી મહે.જજ. મેજી.ફ.ક. શ્રી એ.જે.વાસુ સાહેબની કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફે સરકાર વકીલ બળદેવભાઈ દેસાઈની દલીલોને ગ્રાહ્ય રાખી ચારે આરોપીઓને એક વર્ષની સાદી કેદ તથા રૂ. બે હજારનો દંડ ફટકાર્યો હતો.

# અમીરગઢના ડાભેલી ગામ નજીક સ્કુલની પ્રવાસ બસને અકસ્માત : એકનું મોત


(વિશાલ નાઈ)

(પ્રતિ.) અમીરગઢ

પાટણની જ્ઞાન મંદિર સ્કુલના વિદ્યાર્થીઓ સાથેની લક્ઝરી બસ અંબાજીના પ્રવાસે નીકળી હતી ત્યારે આજે અમીરગઢ તાલુકાના ડાભેલી ગામ નજીક ગાયને બચાવવા જતા બસના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડ પરથી ઉતરી જઈ ઝાડ સાથે ટકરાઈ હતી. જે અકસ્માતમાં પ્રવાસમાં સાથે આવેલા સ્કુલના પટ્ટાવાળાનું મોત નીપજ્યું હતું જ્યારે બસમાં બેઠેલા વિદ્યાર્થીઓને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા.

# પાલનપુરની ગેસ એજન્સીમાં તસ્કરો ત્રાટકયા


(સંજય જોષી)

## ગોડાઉનમાંથી ૪૯૩ ગેસના બાટલાની ચોરી

પાલનપુર

પાલનપુરમાં તરખાટ મચાવતા તસ્કરો ગતરાત્રે અમરદીપ ગેસ એજન્સીના ગોડાઉનમાં ત્રાટકયા હતા. જેઓએ દરવાજાનો નકુચો તોડી ગોડાઉનમાં પડેલા ૪૯૩ ગેસની બોટલોની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની જાણ થતા પોલીસ સ્ટાફએ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.

પાલનપુરની નવી આરટ-ીઓ ઓફીસની બાજુમાં આવેલા અમરદીપ ગેસ ગોડાઉનમાં તસ્કરો ત્રાટક્યા હતા. જેઓએ ગોડાઉનના દરવાજાના તાળાનો નકુચો તોડી અંદર પડેલ ૪૯૩ ગેસની બોટલો ઉઠાવી ગયા હતા. જેની જાણ ગોડાઉનના સંચાલક પ્રવિણભાઈ પરમારને થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. આ અંગે ગોડાઉના સંચાલકે પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

# ટુંડાવ ગામના મારામારી કેસમાં બે આરોપીઓને ચાર વર્ષની કેદ

## ઘરના આંગણે પાણી રેડવા બાબતે તકરાર થઈ હતી

ઉંઝા

ઉંઝા તાલુકાના ટુંડાવ ગામે બાર વર્ષ અગાઉ ઘરના આંગણામાં પાણી રેડવા બાબતે થયેલ તકરાર અંગે શારિરિક મહાવ્યથા અને વ્યાથાના કેસમાં ઉંઝા અદાલતે બે આરોપીઓને કુલ ચાર વર્ષની કેદની સજાનો હૂકમ કરેલ છે.

વિગત એવી છે કે ઉંઝા તાલુકાના ટુંડાવ ગામે ગત તા. ૧૦/૩/૨૦૦૬ ના રોજ પરમાર પુનમભાઈ કસણાભાઈના પત્નીએ આંગણામાં પાણી નાખેલ હતું. જેથી પડોશમાં રહેતા પરમાર મનુભાઈ શિવરામભાઈ અને સત્ય કેટલાક ઈસમોએ ઉશ્કેરાઈ જઈને પુનમભાઈ પર હથિયારો વડે હુમલો કર્યો હતો.

જેથી શરીરે તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જે અંગે ઉંઝા પોલીસ મથકે આરોપીઓ વિરૂધ્ધ શારિરીક મહાવ્યથા અને વ્યથાનો ગુનો દાખલ થયો હતો.

સદર કેસ નામદાર ઉંઝા કોર્ટના જયુ મેજી. ફ કલાસ એસ.એમ.શુકલની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ વિજય બી. બારોટની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીઓ પરમાર મનુભાઈ શિવરામભાઈ અને પરમાર બાબુભાઈ શિવરામભાઈને ભારતીય દંડ સહિતની કલમ ૩૨ના ગુનામાં ત્રણ વર્ષની કેદ અને કલમ ૩૨૩ ના ગુનામાં એક વર્ષની સજા ભોગવવાનો હૂકમ કર્યો છે.

# કેનાલમાં પાણી મુદ્દે વાવના મોરીખાના ગ્રામજનોએ ફરી આવેદનપત્ર આપ્યું


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાની મોરીખા, ધરાધરા અને દેથળી કેનાલમાં ગેટમેનની બદલી કરી પાણી છોડવા ગ્રામજનોએ અગાઉ બે વખત આવેદનપત્રો આપ્યા હતા. તેમ છતાં પાણી ન છોડતા ઉશ્કેરાયેલા ગ્રામજનો મામલતદાર કચેરીએ દોડી આવ્યા હતા અને મામલતદારને આવેદનપત્ર આપી કેનાલમાં સત્વરે પાણી નહીં છોડાય તો તા.૧૫/૯/૨૦૧૮ ના રોજ મામલતદાર કચેરી ખાતે સામૂહિક આત્મદાહ કરવાની ચિમકી ઉચ્ચારી હતી. મામલતદારે તેમની રજૂઆત ઉચ્ચ સ્તરે પહોંચાડવાની ચિમકી ઉચ્ચારી હતી.

# થરાદના લુવાણા (કળશ)માં બાળકો ઝાડ નીચે ભણે અને શિક્ષકો શાળામાં રહે છે

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના લુવાણા (કળશ) ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ સમદાબેન ઝાલાજી ચૌધરીએ તાલુકાથી માંડીને જિલ્લા કલેક્ટરને લેખિત રજુઆતમાં શાળાના કથળતા શિક્ષણથી વાકેફ કર્યા હતા.જેમાં શિક્ષકો શાળામાં શિક્ષણ પ્રત્યે કોઈ ધ્યાન નહી આપતા હોવાની અને ચાલુ શાળાએ પણ ફોન લઈને બેઠા હોય છે. તથા બાળકોના રૂમમાં બે શિક્ષકોએ ઘર બનાવ્યું છે જેને કારણે બાળકોને ઝાડ નીચે બેસીને ભણવું પડતું હોવાનું જણાવતાં ચકચાર મચવા પામી હતી. અંગે લેખિત રજુઆત કરી હતી.

વળી ગ્રામપંચાયત દ્વારા ઠરાવ આપેલ હોવા છતાં પણ તેમાં સદસ્યોને બદલે મનફાવે તેમ સમિતીની રચના કરવામાં આવી હોવાનો અને શાળામાં આવતી ગ્રાંટ ચા નાસ્તામાં વપરાતી હોવાનું જાણવા મળતાં ચારેક દિવસ પહેલાં મહિલાસરપંચના લેટરપેડ પર શાળામાં છેલ્લા પાંચ વર્ષમાં આવેલી એસએમસીની ગ્રાંટની લેખિતમાં માહિતી માંગવામાં

અનુસંધાન પાના નં.૬

## ડુચકવાડા ખાતે ઓગડજી મહારાજના મંદિરે મેળો ભરાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લાના દીઓદર તાલુકાના ડુચકવાડા ગામે દર વર્ષે ઓગડનાથના મંદિરે ભવ્ય લોકમેળો ભરાય છે. આ મેળામાં આજુબાજુનાં ગામોમાંથી હજારોની સંખ્યામાં લોકો દર્શને આવે છે. અને લોક મેળાનો આનંદ લે છે. આ મંદીરના મહંત શામળપુરી મહારાજા દર્શને આવતા દરેક શ્રધ્ધાળુને આશિર્વચન આપે છે. અહીં આવેલ જાગેશ્વર મહાદેવના મંદિરે પણ સુંદર હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ખુબ મોટી સંખ્યામાં લોકોએ દર્શનનો લહાવો લીધેલ.આ મેળામાં લાગેલ અલગ અલગ સ્ટોલોમાં રમકડાના સ્ટોલોએ ખુબજ આકર્ષણ જમાવ્યું હતું.

# વાવના જોરડીયાળી ગામે લાખો શોર્ટ - સર્કિટના લીધે રૂપિયાનું નુકશાન

તા. પ્રતિ. વાવ

વાવથી ૪૨ કી.મી.ના અંતરે આવેલા સરહદના છેવાડા ગામ જોરડીયાળી મુકામે ગતરોજ તા.૧૧/૯/૧૮ ની મધ્યરાત્રીએ બે વીજ વાયરો વચ્ચે શોર્ટ-સર્કિટનો અર્થીંગ થતાં જોરડીયાળી ગામમાં લાખો રૂપિયાની ઈલેક્ટ્રીક વસ્તુઓ બળીને રાખ થઈ ગઈ છે. આ બાબતે જોરડીયાળી ગામના યુવા કાર્યકર અમરાભાઈ દેસાઈએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે અગાઉ પણ આ વીજ વાયરોના શોર્ટ-સર્કીટના લીધે રાષ્ટ્રીય પક્ષી મોરનું મોત નીપજ્યું હતું. આ વખતે ઈલેકટ્રીક સાધનો બળીને રાખ થઈ ગયા છે. વીજતંત્ર આ બાબતે શોર્ટ-સર્કીટ થતા બંને વીજ વાયરોનું કાયમી ધોરણે નિરાકરણ લાવે, રીપેરીંગ કરે એજ ગામ લોકોના હીતમાં છે


વિષ્ણુ પરમાર

નહીંતર ભવિષ્યમાં મોટી હોનારત સર્જાશે તો જવાબદાર કોણ ? તેવો પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે.

# વડાવળ નજીક રિક્ષામાંથી વિદેશી દારૂ ઝડપાયો


(કંચનજી ઠાકોર)

પ્રતિનિધિ ભીલડી

બનાસકાંઠા પોલીસ અધિક્ષક પ્રદિપ સેજુલ સુચના તથા નાયબ પો. અધિ.સા. પી.એચ. ચૌધરી (દિયોદર વિભાગ) તથા સર્કલ પો.ઈન્સ.શિહોરીનાઓના માર્ગદર્શન હેઠળ ભીલડી પો.સ.ઈ. એસ.વી.આહીર તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પો.સ.ઈ. એસ.વી.આહીરને મળેલ હકીકત આધારે વડાવળ ગામના બસસ્ટેન્ડ આગળ ડીસા હાઈવે રોડે નાકાબંધી દરમ્યાન રાજુભા જોરૂભા જીવુજી વાઘેલા, રામભા રણુભા બચુભા વાઘેલા તથા રણજીતભા દિલુભા કપુરજી વાઘેલા તમામ રહે.ઉંબરી નાની પાર્ટી અનુસંધાન પાના નં.૬

# અમીરગઢમાં વન વિભાગની કાર્યવાહી સામે આંદોલનની ચિમકી

## પાલનપુરમાં જિજ્ઞેશ મેવાણીએ ઉપવાસી છાવણીની મુલાકાત લીધી

પાલનપુર

અમીરગઢપંથકમાં વન વિભાગ દ્વારા આદિવાસી લોકોની જમીન ઉપર બુલ ડોઝર ફેરવી દબાણો દૂર કરવામાં આવ્યા છે. જોકે, આ કાર્યવાહી ગેરકાયદે હોવાના આક્ષેપો સાથે આદિવાસી સમાજના લોકો પાલનપુર ખાતે ઉપવાસ આંદોલન છેડ્યું છે. જ્યાં દલિત નેતા અને વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ મુલાકાત લઈ વન વિભાગની ગેરકાયદે કામગીરી મુદ્દે આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી હતી.

અમીરગઢપંથકમાં વન વિભાગ દ્વારા આદિવાસી લોકોના ખેતરોમાં બુલ ડોઝર ફેરવી ઉભા પાકને નુકશાન પહોચાડવામાં આવ્યું હતુ. જે ગેરકાયદે હોવાના આક્ષેપો કરી

અનુસંધાન પાના નં.૬

**ધી પ્રગતિ કો.ઓપ.બેંક લી. થરા**
**૪૪મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવામાં આવે છે કે બેંકની ૪૪ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૭-૦૯-૨૦૧૮ ગુરૂવારના રોજ સાંજે ૩-૦૦ કલાકે માર્કેટયાર્ડ હોલમાં - થરા ખાતે મળશે. તો સમયસર હાજર રહેવા વિનંતી. સભાનો એજન્ડા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

શ્રીમતિ પ્રભાબેન સી. શાહ, ચેરપરસન — શ્રી દિનેશકુમાર બી. શાહ, વાઇસ ચેરમેન — શ્રી જતીનકુમાર એસ. ધારાધારા, મેનેજીંગ ડીરેક્ટર

# દીઓદર તાલુકાના ત.ક.મંત્રીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાયો

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લાના તલાટીકમમંત્રીઓએ પોતાની વિવિધ માગણીઓ ન સંતોષાતાં સોમવારે કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યા હતા. અને કામગીરીથી દુર રહ્યા હતા. જેમાં સરકાર દ્વારા તલાટીકમમંત્રીઓની વિવિધ માગણીઓનો નિકાલ ન આવતાં તલાટીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

દીઓદર તાલુકામાં ફરજ બજાવતા તલાટીકમમંત્રીઓએ પણ તાલુકા વિકાસ


(અશોક શેઠ)

અધીકારીને પોતાની વિવિધ માગણીઓ સાથે આવેદનપત્ર આપેલ. જેમાં પંચાયત તલાટી અને રેવન્યું તલાટી એકજ વર્ગ માંથી ઉભી કરેલ જગ્યાની કામગીરીની વહેંચણી ધોરણેન થાય ત્યાં સુધી તલાટીઓ દ્વારા મહેસુલી કામગીરી કરવામાં આવશે નહીં. જેવી માંગણીઓ સાથે તમામ તલાટીઓએ કાળી પટ્ટી ધારણ કરેલ.

**વિદ્યામંદિર ટ્રસ્ટ,પાલનપુર સંચાલિત**
**શ્રી કાનુભાઈ મહેતા સ્મારક શિષ્યવૃતિ**

વિદ્યામંદિર ટ્રસ્ટ દ્વારા બનાસકાંઠા જિલ્લાના વતની અને M.B.B.S. તેમજ એન્જિનિયરીંગ (B.E.) ગવર્નમેન્ટ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુણવત્તા અને આર્થિક જરૂરિયાતના ધોરણે શિષ્યવૃત્તિ અપાય છે. જેમના પરિવારની વાર્ષિક આવક રૂા. ૧.૫ લાખ કરતાં વધુ ન હોય તેવા વિદ્યાર્થીઓ આ શિષ્યવૃત્તિ માટે તા.૨૫-૦૯-૨૦૧૮ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. શિષ્યવૃત્તિ માટેનું અરજીપત્રક તેમજ જરૂરી તમામ વિગતો સંસ્થાની વેબસાઈટ www.vidyamandir.org પર મુકવામાં આવેલ છે.

- નિયામક